مؤسسة الشيخ
محمد بن صالح العثيمين الخيرية
رحمه الله تعالى

# શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

અલ્લાહનો એક લાચાર બંદો

મુહમ્મદ બિન સોલેહ અલ્ ઉષૈમીન

شركاء التنفيذ

جمعية
خدمة المحتوى الإسلامي
باللغات

غوجاراتي

حقوق دعت إليها الفطرة وقررتها الشريعة

# શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો


લેખક

મુહમ્મદ બિન સોલિહ અલ્ ઉષૈમીન

# શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

અલ્લાહના નામથી શરૂ કરું છું, જે અત્યંત દયાળુ અને કૃપાળુ છે.

# પ્રસ્તાવના

દરેક પ્રકારના વખાણ ફક્ત અલ્લાહ માટે જ છે, અમે તેની જ પ્રશંસા કરીએ છીએ, તેની પાસે મદદ માંગીએ છીએ, તેની પાસે જ માફી માંગીએ છીએ અને તેની તરફ જ પાછા ફરીએ છીએ, અમે પોતાના નફસ અને કાર્યોની બુરાઈથી પનાહ માંગીએ છીએ, અલ્લાહ જેને હિદાયત આપે, તેને કોઈ ગુમરાહ નથી કરી શકતું, અને જેને તે ગુમરાહ કરી દે, તેને કોઈ હિદાયતના માર્ગે નથી લાવી શકતું, અને હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ સાચો  ઈલાહ નથી અને તેનો કોઈ ભાગીદાર નથી, અને ગવાહી આપું છું કે મુહમ્મદ તેના બંદા અને રસૂલ છે, દરુદ અને સલામતી ઉતરે, તેમના પર અને તેમની સંતાન અને તેમના સાથીઓ અને જેણે કયામત સુધી તેમનું સારી રીતે અનુસરણ કર્યું. ઇસ્લામ શરીઅતની ઘણી શ્રેષ્ઠતાઓ માંથી એક શ્રેષ્ઠતા એ છે કે તેમાં ન્યાય અને ઇન્સાફનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો છે, અને કંઈ પણ વધઘટ કર્યા વગર હકદારને તેનો સંપૂર્ણ હક આપવામાં આવ્યો છે, અલ્લાહ તઆલાએ ઇન્સાફ, ન્યાય, સારો વ્યવહાર અને સંબંધીનો તેમનો હક આપવાનો આદેશ આપ્યો છે, અને તે ન્યાય સાથે પયગંબરોને મોકલવામાં આવ્યા, કિતાબો ઉતારવામાં આવી, અને તેના પર જ દુનિયા અને આખિરતના કામો કાયમ કર્યા.

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

ઇન્સાફ એ છે કે દરેક હકદારને તેમનો હક આપવામાં આવે અને દરેક પ્રતિષ્ઠિત વ્યક્તિને તેનું પદ સોંપવામાં આવે, સ્પષ્ટ વાત છે કે જ્યાં સુધી તેમના હક વિશે નહીં જાણેએ ત્યાં સુધી તે હક અદા નહીં કરી શકેએ, એટલા માટે અમે કેટલાક જરૂરી હકો નકલ કરી આ કિતાબમાં વર્ણન કર્યા છે, જેથી બંદો તે હક જાણીને પોતાની શક્તિ પ્રમાણે તેના પર અમલ કરે, કિતાબમાં વર્ણવેલ હકોનો સારાંશ નીચે મુજબ છે:

૧- અલ્લાહ તઆલાના હકો.

૨- નબી ﷺ હકો.

૩- માતાપિતાના હકો.

૪- બાળકો(સંતાન)ના હકો.

૫- સગા સંબંધીઓના હકો.

૬- પતિ પત્નીના હકો.

૭- આગેવાનો તેમજ પ્રજાના હકો.

૮- પાડોશીના હકો.

૯- સામાન્ય મુસલમાનોના હકો.

૧૦- બિન મુસ્લિમોના હકો.

ઉપરોક્ત વર્ણવેલ્ લોકોના હકો વિશે સંક્ષિપ્તરૂપે અમો વર્ણન કરીશું.

*

# પહેલો હક: અલ્લાહ તઆલાના હકો

અલ્લાહ તઆલાનો હક સૌથી અગત્યના, સૌથી મહત્વના અને સૌથી મોટી ફરજ છે, કારણકે અલ્લાહ  મહાન પેદા કરવાવાળો, માલિક, દરેક કાર્યોની વ્યવસ્થા કરનાર છે, આ હકો સાચા બાદશાહ, હમેંશા જીવિત રહેનાર, સૃષ્ટિની વ્યવસ્થાની સંભાળ રાખનારના હકો છે, જેણે દરેક વસ્તુને પેદા કરી અને પોતાની સંપૂર્ણ અને સચોટ હિકમત વડે તેનો એક અંદાજો નક્કી કર્યો, આ તે અલ્લાહના હકો છે, જેણે તમને અસ્તિત્વ આપ્યું, જ્યારે તમે કંઈજ ન હતા, જ્યારે કે તમે કોઈ ખાસ વસ્તુ પણ ન હતા, આ તે અલ્લાહના હકો છે, જેણે પોતાની નેઅમતો વડે તમારો ઉછેર કર્યો, જ્યારે કે તમે માતાની કોખમાં ત્રણ અંધકાર વચ્ચે હતા, ત્યાં કોઈ સર્જન તમારા ઉછેર માટે ખોરાકનો બંદોબસ્ત નથી કરી શકતી, અલ્લાહએ તમારી માતાની છાતીના ભાગેથી તમારા માટે ખોરાકનો બંદોબસ્ત કર્યો, સાચા અને ખોટા બન્ને માર્ગોની સ્પષ્ટતા કરી, માતાપિતાને તમારી દેખરેખ કરવાની જવાબદારી સોંપી, પોતાની નેઅમતો અને બુદ્ધિ દ્વારા તમારી મદદ કરી, અને તમારી અંદર તેને કબૂલ કરવા અને ફાયદો ઉઠાવવાની સમજ આપી, અલ્લાહ તઆલાએ કહ્યું:

**وَٱللَّهُ أَخۡرَجَكُم مِّنۢ بُطُونِ أُمَّهَٰتِكُمۡ لَا تَعۡلَمُونَ شَيۡـٔٗا وَجَعَلَ لَكُمُ ٱلسَّمۡعَ وَٱلۡأَبۡصَٰرَ وَٱلۡأَفۡـِٔدَةَ لَعَلَّكُمۡ تَشۡكُرُونَ**

{અલ્લાહ તઆલાએ તમને તમારી માતાના પેટ માંથી (એવી સ્થિતિમાં) કાઢ્યા છે કે તમે કંઈ પણ નહતા જાણતા, તેણે જ તમારા કાન, આંખ અને દિલ બનાવ્યા, જેથી તમે આભાર વ્યક્ત કરો.} [અન્ નહલ: ૭૮],

જો અલ્લાહ પલક જપકવા બરાબર પણ પોતાની નેઅમતો રોકી લે તો તમે નષ્ટ થઈ જતા, અને જો એક ક્ષણ બરાબર પણ તે પોતાની રહેમત રોકી લે તો તો તમે જીવનથી વંચિત થઈ જાઉ, જ્યારે તમારા ઉપર અલ્લાહની રહેમત અને કૃપાની આ સ્થિતિ છે, તો તેનો હક પણ દરેક કરતા વધારે હોવો જોઈએ, કારણકે તે હક અસ્તિત્વ આપવા, લક્ષણો આપવા અને મદદ કરવા પર સબંધ ધરાવે છે, અલ્લાહ તઆલા તમારી પાસે ખોરાક અને રોજી નથી ઇચ્છતો, અલ્લાહ તઆલાએ કહ્યું:

وَأۡمُرۡ أَهۡلَكَ بِٱلصَّلَوٰةِ وَٱصۡطَبِرۡ عَلَيۡهَاۖ لَا نَسۡـَٔلُكَ رِزۡقٗاۖ نَّحۡنُ نَرۡزُقُكَۗ وَٱلۡعَٰقِبَةُ لِلتَّقۡوَىٰ١٣٢

{અમે તમારી પાસે રોજી નથી માંગતા પરંતુ અમે પોતે તમને રોજી આપીએ છીએ. સારૂ પરિણામ તો પરહેજગાર લોકો માટે જ છે.} [તોહા: ૧૩૨].

પરંતુ તે તમારી પાસે ફક્ત એક વાતની માંગણી કરે છે અને એમાં પણ તમારો જ ફાયદો છે, તે ફક્ત એટલું જ ઈચ્છે છે કે ઈબાદત અને બંદગી ફક્ત તે એકલા માટે જ હોવી જોઈએ, અલ્લાહ તઆલાએ કહ્યું:

وَمَا خَلَقۡتُ ٱلۡجِنَّ وَٱلۡإِنسَ إِلَّا لِيَعۡبُدُونِ

{મેં જિન્નાત અને માનવીઓને ફકત એટલા માટે જ પેદા કર્યા છે કે તેઓ ફકત મારી જ બંદગી કરે.} [અઝ્ ઝારિયાત: ૫૬],

તેની ઈચ્છા એ છે કે તમે ઈબાદત કરવાના દરેક નિયમોનું પાલન કરી તેના બંદા બનીને રહો, જે પ્રમાણે તે ઈબાદતના દરેક કાયદા અને નિયમો સાથે તમારો પાલનહાર છે, તમે તેની સામે અપમાનિત, આજીજ અને તેના આદેશોનું પાલન કરનાર, તેણે રોકેલી વસ્તુઓથી દૂર રહેનાર, અને તેણે

જણાવેલ ખબરોની પુષ્ટિ કરનાર બનીને રહો, કારણકે તમે જુઓ છો કે તેની નેઅમતો તમારા પર સતત થઈ રહી છે, શું તમને શરમ નથી આવતી કે તેની નેઅમતો બદલો કૃતઘની બનીને આપો?! જો તમારા પર કોઈ વ્યક્તિની કૃપા અથવા કોઈ ઉપકાર હોય તો તમને ખુલીને તેની અવજ્ઞા અથવા વિરોધ કરવામાં શરમ આવશે, તો પછી તમે પોતાના પાલનહારની અવજ્ઞા કઈ રીતે કરી શકો છો કે તમને જે કંઈ નેઅમતો મળી તે બધી જ તેના તરફથી છે અને જે કંઈ મુસીબત તમારાથી દૂર થાય તે ફક્ત તેની રહેમત અને દયા કરવાના કારણે દૂર થાય છે?! અલ્લાહ તઆલાએ કહ્યું:

وَمَا بِكُم مِّن نِّعۡمَةٖ فَمِنَ ٱللَّهِۖ ثُمَّ إِذَا مَسَّكُمُ ٱلضُّرُّ فَإِلَيۡهِ تَجۡـَٔرُونَ ٥٣

{તમારી પાસે જેટલી પણ નેઅમતો છે, દરેક નેઅમત તેણે જ આપી છે, હજું પણ તમારા પર કોઈ મુસીબત આવી જાય તો તેની જ સમક્ષ ફરિયાદ કરો છો.} [અન્ નહલ: ૫૩].

અને અલ્લાહએ જે હકો પોતાના બંદાઓ પર નક્કી કર્યા છે, તેના માટે તે ખૂબ જ સરળ છે, જેના માટે તે સરળ બનાવી દે, કારણકે તેમાં અલ્લાહ તઆલાએ કોઈ પણ પ્રકારની તંગી, તકલીફ નથી રાખી, અલ્લાહ તઆલાએ કહ્યું:

وَجَٰهِدُواْ فِي ٱللَّهِ حَقَّ جِهَادِهِۦۚ هُوَ ٱجۡتَبَىٰكُمۡ وَمَا جَعَلَ عَلَيۡكُمۡ فِي ٱلدِّينِ مِنۡ حَرَجٖۚ مِّلَّةَ أَبِيكُمۡ إِبۡرَٰهِيمَۚ هُوَ سَمَّىٰكُمُ ٱلۡمُسۡلِمِينَ مِن قَبۡلُ وَفِي هَٰذَا لِيَكُونَ ٱلرَّسُولُ شَهِيدًا عَلَيۡكُمۡ وَتَكُونُواْ شُهَدَآءَ عَلَى ٱلنَّاسِۚ فَأَقِيمُواْ ٱلصَّلَوٰةَ وَءَاتُواْ ٱلزَّكَوٰةَ وَٱعۡتَصِمُواْ بِٱللَّهِ هُوَ مَوۡلَىٰكُمۡۖ فَنِعۡمَ ٱلۡمَوۡلَىٰ وَنِعۡمَ ٱلنَّصِيرُ ٧٨

{અને અલ્લાહના માર્ગમાં તે રીતે જિહાદ કરો, જે રીતે જિહાદ કરવાનો હક છે, તેણે જ તમને (પોતાના દીનનાં કામ માટે) પસંદ કરી લીધા છે, અને

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

દીન બાબતે તમારા પર કોઈ તંગી નથી રાખી, પોતાના પિતા ઇબ્રાહીમના દીન પર અડગ રહો, તે અલ્લાહએ જ તમારું નામ આ પહેલા મુસલમાન રાખ્યું હતું અને આ (કુરઆન)માં પણ (મુસલમાન રાખ્યું છે), જેથી પયગંબર તમારા પર સાક્ષી બની જાય અને તમે બધા માટે સાક્ષી બની જાવ, બસ ! તમારે નમાઝ પઢતા રહેવું જોઇએ અને ઝકાત આપતા રહેવું જોઇએ અને અલ્લાહના (દીનને) મજબૂતી સાથે થામી લેવો જોઇએ, તે જ તમારો કારસાજ છે, બસ ! તે કેટલો સારો કારસાજ છે અને કેટલો શ્રેષ્ઠ મદદ કરનાર.} [હજ : ૭૮].

આ હકો ખરેખર શ્રેષ્ઠ અકીદો, સાચું ઈમાન અને નેક અમલ છે, આ તે અકીદો છે, જેનું મૂળ મોહબ્બત અને તેનો આદર છે, અને તેનું ફળ ઇખલાસ (નિખાલસતા) અને સબર (ધીરજ) છે, રાતદિવસમાં પાંચ વખતની નમાઝ પઢવાના કારણે તે તમારા નાના ગુનાહોને માફ કરે છે, તમારા દરજ્જા બુલંદ કરે છે અને દિલ તેમજ પરિસ્થિતિઓની સુધારે છે, બંદો પોતાની શક્તિ પ્રમાણે તે ઈબાદત કરે છે, અલાલહ તઆલાએ કહ્યું:

فَٱتَّقُواْ ٱللَّهَ مَا ٱسۡتَطَعۡتُمۡ وَٱسۡمَعُواْ وَأَطِيعُواْ وَأَنفِقُواْ خَيۡرٗا لِّأَنفُسِكُمۡۗ وَمَن يُوقَ شُحَّ نَفۡسِهِۦ فَأُوْلَٰٓئِكَ هُمُ ٱلۡمُفۡلِحُونَ ١٦

{બસ ! જ્યાં સુધી તમારાથી થઇ શકે અલ્લાહથી ડરતા રહો} [અત્ તગાબુન: ૧૬].

ઇમરાન બિન હુસૈન બીમાર હતા, તો આપ ﷺ એ તેમને કહ્યું: «ઉભા રહી નમાઝ પઢો, જો ઉભું રહેવાની શક્તિ ન હોય તો બેઠા બેઠા નમાઝ પઢો, અને

જો બેસીને પણ ન પઢી શકતા હોય તો પાસું ફેરાવી નમાઝ પઢો». અને ઝકાત આપવી, જે માલની એક સામાન્ય રકમ હોય છે, જેને તમે મુસલમાનોની જરૂરત માટે કાઢો છો, અર્થાત્ લાચારો, ગરીબો, દેવાદારો, મુસાફરો અને બાકી જરૂરતમંદ લોકો માટે કાઢો છો, અલ્લાહ તઆલાએ કહ્યું:

فَأَقِيمُواْ ٱلصَّلَوٰةَ وَءَاتُواْ ٱلزَّكَوٰةَ وَٱعۡتَصِمُواْ بِٱللَّهِ هُوَ مَوۡلَىٰكُمۡۖ فَنِعۡمَ ٱلۡمَوۡلَىٰ وَنِعۡمَ ٱلنَّصِيرُ ٧٨

{તમારે નમાઝ પઢતા રહેવું જોઇએ અને ઝકાત આપતા રહેવું જોઇએ અને અલ્લાહના (દીનને) મજબૂતી સાથે થામી લેવો જોઇએ, તે જ તમારો કારસાજ છે, બસ ! તે કેટલો સારો કારસાજ છે અને કેટલો શ્રેષ્ઠ મદદ કરનાર.} [હજ: ૭૮].

અને વર્ષમાં એક મહિનાના રોઝા રાખવા, અને જે બીમાર હોય, અથવા મુસાફિર હોય તેના માટે છૂટ છે કે તે અન્ય દિવસોમાં તેની ગણતરી પુરી કરે અને જે વ્યક્તિ કોઈ કાયમી કારણસર રોઝા ન રાખી શકતો હોય તો તેણે પ્રત્યેક દિવસ પર એક લાચાર વ્યક્તિને ખવડાવવું પડશે.

જો શક્ય અને સહુલત હોય તો જીવનમાં એકવાર બૈતુલ્લાહનો હજ કરવો.

અલ્લાહ તઆલાના હકો માટે આ જ વસ્તુઓ મૂળ છે, અને જે કંઇ તે સિવાય હોય તે સમયાંતરે વાજિબ હોય છે, જેવું કે અલ્લાહના માર્ગમાં જિહાદ કરવું, જ્યારે પીડિતની મદદ કરવાની જરૂર હોય.

મારા ભાઈઓ! ધ્યાન આપો ! કે અમલ કરવા બાબતે આ કેટલું સરળ છે, પરંતુ સવાબ પ્રમાણે કેટલો ઘણો સવાબ છે, જો તમે તેને સંપૂર્ણ રીતે જાણીને અમલ કરશો તો દુનિયા અને આખિરતમાં સુખ અબે શાંતિ મળશે અને

જહન્નમથી છુટકારો મળશે તેમજ જન્નતમાં પ્રવેશ આપવામાં આવશે, અલ્લાહ તઆલાએ કહ્યું:

كُلُّ نَفۡسٖ ذَآئِقَةُ ٱلۡمَوۡتِۗ وَإِنَّمَا تُوَفَّوۡنَ أُجُورَكُمۡ يَوۡمَ ٱلۡقِيَٰمَةِۖ فَمَن زُحۡزِحَ عَنِ ٱلنَّارِ وَأُدۡخِلَ ٱلۡجَنَّةَ فَقَدۡ فَازَۗ وَمَا ٱلۡحَيَوٰةُ ٱلدُّنۡيَآ إِلَّا مَتَٰعُ ٱلۡغُرُورِ ١٨٥

{બસ ! જે વ્યક્તિ આગથી બચાવી લેવામાં આવ્યો અને જન્નતમાં દાખલ કરી દેવામાં આવ્યો, ખરેખર તે સફળ થઇ ગયો અને દુનિયાનું જીવન તો ફકત ધોકો જ છે.} [આલિ ઇમરાન: ૧૮૫].

*

# બીજો હક: નબી ﷺ ના હકો:

નબી ﷺ ના હકો સર્જનીઓ માંથી સૌથી મહત્વપૂર્ણ હકો છે, આપના હકો કરતા વધારે કોઈ પણ સર્જનનો હક વધારે નથી, અલ્લાહ તઆલાએ કહ્યું:

إِنَّآ أَرۡسَلۡنَٰكَ شَٰهِدٗا وَمُبَشِّرٗا وَنَذِيرٗا

{(હે નબી) નિ:શંક અમે તમાને સાક્ષી અને ખુશખબર આપનાર અને ચેતવણી આપનાર બનાવી મોક્લ્યા છે.} [અલ્ ફતહ: ૮-૯],

એટલા માટે જરૂરી છે કે આપ ﷺ ની મોહબ્બત ને દરેકની મોહબ્બત પર પ્રાથમિકતા આપવામાં આવે, અહીં સુધી કે આપ ﷺ ની મોહબ્બત પોતાની મોહબ્બત, સંતાનની મોહબ્બત અને માતાપિતાની મોહબ્બત કરતા પણ વધારે હોવી જોઈએ, નબી ﷺ એ કહ્યું: «તમારા માંથી કોઈ વ્યક્તિ ત્યાં સુધી સંપૂર્ણ મોમિન નથી બની શકતો, જ્યાં સુધી હું તેની નજીક તેના સંતાન, તેના માતાપિતા અને દરેક લોકો કરતા વધુ પ્રિય ન બની જાઉં». અને આપ ﷺ ના હકો માંથી એ પણ કે આપ ﷺ ની ઇઝ્ઝત કરવામાં આવે, આપનો આદર કરવામાં આવે, અને હદ વટાવ્યા વગર આપની મહાનતા અને પ્રતિષ્ઠિતાનો ખ્યાલ કરવામાં આવે, આપના જીવનમાં આપની ઇઝ્ઝત આપની સુન્નત અને આપની પવિત્ર હસ્તીનો આદર કરવો અને આપ ﷺ ના મૃત્યુ પછી આપની ઇઝ્ઝત, આપની સુન્નત અને શરીઅતનું માન સન્માન કરવું ગણવામાં આવશે, જે વ્યક્તિ વ્હાલા સહાબાઓની આપ ﷺ પ્રત્યે ઇઝ્ઝત જોઈ લે તો તે જાણી લે શે કે પ્રતિષ્ઠિત સહાબાઓ આપ ﷺ ના હકોનું કેટલું ધ્યાન રાખતા હતા, સુલૈહ હુદૈબિયહના સમયે જ્યારે કુરેશે ઉરવહ બિન મસ્ઊદને સમાધાનની વાતચીત કરવા માટે મોકલ્યા, તો ઉરવહે પાછા

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

ફરીને કુરૈશના લોકોને કહ્યું: «હું કૈસર, કિસ્રા અને નજાશીના દરબારમાં જઈ ચુક્યો છું, પરંતુ કોઈ પણ બાદશાહનું સન્માન એવી રીતે થતા નથી જોયું જેવું સન્માન સહાબાઓ મુહમ્મદ ﷺ નું કરે છે, તેમની સ્થિતિ તો એવી છે કે જ્યારે મુહમ્મદ તેમને કોઈ વાતનો આદેશ આપે છે તો તેઓ અનુસરણ કરવા માટે દોડતા હોય છે, જ્યારે મુહમ્મદ વુઝૂ કરે અને બચી ગયેલા પાણીને પ્રાપ્ત કરવા માટે એવી રીતે લપકે છે, જેવું કે મરવા મારવા પર તૈયાર થતા હોય, જ્યારે મુહમ્મદ ﷺ કોઈ વાત કરતા હોય તો તેમની વાત ધ્યાનપૂર્વક સાંભળે છે, અને તેમની મહાનતાના કારણે તેમની સામે નજર ઉઠાવીને પણ નથી જોતા».

અલ્લાહના રસૂલ માટે સહાબાઓનું આ પ્રમાણે સન્માન હતું, જ્યારે કે અલ્લાહ તઆલાએ આપ ﷺ ની ફિતરતમાં નરમી, સરળતા અને સારા અખ્લાક મજબૂત કરી દીધા હતા, જો આપ સખત દિલ અને આપની જબાન કડવી હોત તો લોકો આપની પાસેથી ભાગી જતા.

આપ ﷺ ના હકો માંથી એ પણ છે કે આપ ﷺ એ જે ભવિષ્ય અને ભૂતકાળની વાતોની ખબર આપી હોય, તેની પુષ્ટિ કરવામાં આવે અને જે વાતનો આદેશ આપ્યો હોય તેને પૂરો કરવામાં આવે, જેનાથી રોક્યા હોય તેનાથી રૂકી જવું જોઈએ, અને એ વાત પર ઈમાન લાવવામાં આવે કે આપનો તરીકો સંપૂર્ણ અને આપની શરીઅત મહાન અને શ્રેષ્ઠ છે, આપની શરીઅત પર કોઈ પણ કાનૂન અથવા નિયમને પ્રાથમિકતા આપવામાં ન આવે, ભલેને તે ગમે ત્યાંથી ઓર્ડર આવ્યો હોય, અલ્લાહ તઆલાએ કહ્યું:

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

فَلَا وَرَبِّكَ لَا يُؤۡمِنُونَ حَتَّىٰ يُحَكِّمُوكَ فِيمَا شَجَرَ بَيۡنَهُمۡ ثُمَّ لَا يَجِدُواْ فِيٓ أَنفُسِهِمۡ حَرَجٗا مِّمَّا قَضَيۡتَ وَيُسَلِّمُواْ تَسۡلِيمٗا ٦٥

{(હે મુહમ્મદ) તમારા પાલનહારની કસમ ! આ લોકો ત્યાં સુધી ઈમાનવાળા નથી બની શકતા, જ્યાં સુધી કે દરેક અંદરોઅંદરના વિવાદોમાં તમને ન્યાયકરતા ન માની લે, પછી જે ફેંસલો તમે તેઓ માટે કરી લો તેનાથી પોતાના મનમાં કોઇ પણ પ્રકારની તંગી અને નાખુશી ન અનુભવે અને આજ્ઞાકારી સાથે તે નિર્ણય માની લે} [અન્ નિસા: ૬૫],

قُلۡ إِن كُنتُمۡ تُحِبُّونَ ٱللَّهَ فَٱتَّبِعُونِي يُحۡبِبۡكُمُ ٱللَّهُ وَيَغۡفِرۡ لَكُمۡ ذُنُوبَكُمۡۚ وَٱللَّهُ غَفُورٞ رَّحِيمٞ ٣١

{કહી દો કે જો તમે અલ્લાહથી મોહબ્બત રાખો છો તો મારૂ અનુસરણ કરો, અલ્લાહ તઆલા પોતે તમારાથી મોહબ્બત કરશે અને તમારા ગુનાહ માફ કરી દેશે અને અલ્લાહ તઆલા ઘણો જ માફ કરનાર, દયાળુ છે.} [આલિ ઇમરાન: ૩૧].

આપ ﷺ ના હકો વિશે જ્યારે વાત કરીએ તો આપ ﷺ ની શરીઅત અને સુન્નત પર આવનાર અવરોધનો પોતાની તાકાત પ્રમાણે સામનો કરવો પણ છે, જો દુશ્મન દલીલ અને પુરાવા દ્વારા આંગળી ઉઠાવતો હોય તો તેનો સામનો ઇલ્મ દ્વારા કરવામાં આવે, અને તેની દલીલોને ખતમ કરી સ્પષ્ટ વાત લોકો સામે વર્ણન કરવામાં આવે, અને જો તે શરીઅત અને સુન્નત વિરોધ આધુનિક સામાન દ્વારા કરતો હોય તો તેનો સામનો પણ એ પ્રમાણે જ કરવામાં આવે.

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

કોઈ પણ મોમિન વ્યક્તિ માટે શક્ય નથી કે તે કોઈ વ્યક્તિને આપ ﷺ ની શરીઅત અને આપ ﷺ ના વ્યક્તિત્વ બાબતે વિરોધ કરતાં સાંભળે અને તે શક્તિ હોવા છતાંય તે ચૂપ રહે.

*

# ત્રીજો હક: માતાપિતાના હકો

સંતાન પર માતાપિતાના જે ઉપકાર છે, તેનાથી કોઈ વ્યક્તિ ઇન્કાર નથી કરી શકતો, માતાપિતા જ તેના અસ્તિત્વનું કારણ છે, અને તેમના પર તેમના મહાન હકો છે, તેઓએ બાળપણમાં તેમનો ઉછેર કર્યો અને તેના રાહત માટે અગણિત પ્રયત્નો કર્યા, તેની ઊંઘ માટે પોતાની ઊંઘો બરબાદ કરી, માતાએ તમને પોતાના પેટમાં ઉઠાવીને રાખ્યા, તમે માતાના ખોરાક અને તેની તંદુરસ્તી પર જ નવ મહિના સુધી તમારો ઉછેર થતો રહ્યો, જેવું કે અલ્લાહ તઆલાએ આ વાત તરફ ઈશારો કર્યો છે:

وَوَصَّيۡنَا ٱلۡإِنسَٰنَ بِوَٰلِدَيۡهِ حَمَلَتۡهُ أُمُّهُۥ وَهۡنًا عَلَىٰ وَهۡنٖ

{તેની માતાએ દુ:ખ પર દુ:ખ વેઠી તેને ગર્ભમાં રાખ્યો} [લુકમાન: ૧૪], ત્યારબાદ, તકલીફ સાથે ખોળા અને બે વર્ષ સુધી દૂધ પીવડાવવાનો સમય પૂરો કર્યો. એવી જ રીતે તમારા પિતા પણ બાળપણથી લઈ તમારી યુવાની સુધી તમારી રોજી માટે પ્રયત્નો કરતા રહ્યા, અને તમારા ઉછેર અને તરબિયત માટે અગણિત પ્રયત્નો કરતા રહ્યા, જ્યારે કે તમે પોતે પોતાના ફાયદા અને નુકસાનથી અજાણ હતા, એટલા માટે જ અલ્લાહ તઆલાએ માતાપિતા સાથે ઉપકાર, એહસાન અને તેમનો શુક્ર કરવાનો આદેશ આપ્યો, અલ્લાહ તઆલાએ કહ્યું:

وَوَصَّيۡنَا ٱلۡإِنسَٰنَ بِوَٰلِدَيۡهِ حَمَلَتۡهُ أُمُّهُۥ وَهۡنًا عَلَىٰ وَهۡنٖ وَفِصَٰلُهُۥ فِي عَامَيۡنِ أَنِ ٱشۡكُرۡ لِي وَلِوَٰلِدَيۡكَ إِلَيَّ ٱلۡمَصِيرُ ١٤

{અમે માનવીને તેના માતા-પિતા સાથે (સદ વ્યવહાર કરવાની) શિખામણ આપી, તેની માતાએ દુ:ખ પર દુ:ખ વેઠી તેને ગર્ભમાં રાખ્યો અને તેનો દૂધ

છોડાવવાનો સમય બે વર્ષનો હતો, (એટલા માટે આ આદેશ આપ્યો કે) મારો અને પોતાના માતા-પિતાનો આભાર વ્યક્ત કર, (તમને સૌને) મારી જ તરફ પાછું આવવાનું છે} [લુકમાન: ૧૪], અને અલ્લાહ તઆલાએ કહ્યું:

وَقَضَىٰ رَبُّكَ أَلَّا تَعۡبُدُوٓاْ إِلَّآ إِيَّاهُ وَبِٱلۡوَٰلِدَيۡنِ إِحۡسَٰنًاۚ إِمَّا يَبۡلُغَنَّ عِندَكَ ٱلۡكِبَرَ
أَحَدُهُمَآ أَوۡ كِلَاهُمَا فَلَا تَقُل لَّهُمَآ أُفّٖ وَلَا تَنۡهَرۡهُمَا وَقُل لَّهُمَا قَوۡلٗا كَرِيمٗا ٢٣

{અને તમારા પાલનહારે નિર્ણય કરી દીધો છે કે તમે તેના સિવાય બીજા કોઈની ઈબાદત ના કરશો, અને માતા-પિતા સાથે સદવર્તન કરજો અને જો તમારી હાજરીમાં તેમના માંથી એક અથવા બન્ને વૃદ્ધાવસ્થામાં પહોંચી જાય તો તેમને “ઉફ” પણ ન કહેશો, ન તો તેમને ઠપકો આપશો, પરંતુ તેમની સાથે સભ્યતાથી વાત કરજો.} [અલ્ ઇસ્રા: ૨૩-૨૪].

તમારા પર માતાપિતાનો એક હક એ પણ છે કે તમે તેમની સાથે સારો વ્યવહાર કરો, પોતાની વાતો વડે, પોતાના કામો વડે, માલ વડે અને શરીર વડે તેમની સાથે સારું વર્તન કરો, જ્યાં સુધી અલ્લાહની અવજ્ઞા અને તમારું નુકસાન ન થાય, તેમનું કહ્યું માનો, તેમની સાથે નરમી ભર્યું વર્તન કરો, તેમની સાથે હસતાં મોઢે મુલાકાત કરો, તેમની સતત સેવા કરતા રહો, વૃદ્ધા વસ્થા, બીમારી અથવા કમજોરીના સમયે તમે તેમનાથી કંટાળશો નહીં અને ન તો તમે તેમના તરફથી ભાર અનુભવશો; કારણકે તમે પણ તે પદ પર હશો, જે રીતે તે માતાપિતા છે, તમે પણ પિતા બનશો, જે રીતે તેઓ વૃદ્ધા વસ્થાએ પહોંચ્યા એ જ પ્રમાણે તમે પણ જો જીવન હશે તો જરૂર પહોંચશો, અને તમે પણ પોતાના સંતાન વડે નેકી અને ઉપકાર કરવા માટે મોહતાજ બની જશો જે પ્રમાણે હાલ તેઓ તમારી પાસેથી અપેક્ષા કરે છે, જો તમે

માતાપિતાની સેવા કરી હોય તો અલ્લાહ પાસે ભવ્ય સવાબની અને પોતાના સંતાન દ્વારા તેના જેવા જ વ્યવહારની ખુશખબર લઈ લો; કારણકે જે માતાપિતાની સેવા કરતો હોય તો તેની સંતાન પણ તેની સેવા કરશે, અને જે પોતાના માતાપિતાની અવજ્ઞા કરશે તો જરૂર તેની સંતાન પણ તેની અવજ્ઞા કરશે, બદલો પોતે કરેલ કાર્યો પ્રમાણે જ હોય છે, જેવું કરશો એવું ભરશો. અલ્લાહ તઆલાએ માતાપિતાના હકને ઊચ્ચ દરજ્જો આપ્યો છે, એટલા માટે જ પોતાના હક વર્ણન કર્યા પછી જેમાં આપ ﷺ ના હક પણ સમાવેશ થાય છે, તરત જ માતાપિતાના હક વર્ણન કર્યા, અલ્લાહ તઆલાએ કહ્યું:

وَٱعۡبُدُواْ ٱللَّهَ وَلَا تُشۡرِكُواْ بِهِۦ شَيۡـٔٗاۖ وَبِٱلۡوَٰلِدَيۡنِ إِحۡسَٰنٗا

{અને અલ્લાહ તઆલાની બંદગી કરો અને તેની સાથે કોઇને ભાગીદાર ન ઠેરવો, માતા-પિતા સાથે સારું વર્તન કરો} [અન્ નિસા: ૩૬],

وَوَصَّيۡنَا ٱلۡإِنسَٰنَ بِوَٰلِدَيۡهِ حَمَلَتۡهُ أُمُّهُۥ وَهۡنًا عَلَىٰ وَهۡنٖ

અને અલ્લાહ તઆલાએ કહ્યું: {અને પોતાના માતા-પિતાનો આભાર વ્યક્ત કર, (તમને સૌને) મારી જ તરફ પાછું આવવાનું છે} [લુકમાન: ૧૪],

અને નબી ﷺ એ માતાપિતાની સેવાને અલ્લાહના માર્ગમાં જિહાદ કરવા પર પ્રાથમિકતા આપી છે, જેવું કે ઈબ્ને મસ્ઊદ રઝી.ની હદીષમાં વર્ણન કરવામાં આવ્યું છે કે તેઓ કહે છે: મે કહ્યું: હે અલ્લાહના રસૂલ ! અલ્લાહની નજીક સૌથી પ્રિય અમલ કયો છે? નબી ﷺ એ જવાબ આપ્યો: «નમાઝ સમયસર પઢવી» મેં ફરી પૂછ્યું: ત્યારબાદ, આપ ﷺ એ જવાબ આપ્યો: « માતાપિતા સાથે સારો વ્યવહાર કરવો» મેં પૂછ્યું: ત્યારબાદ, આપ ﷺ એ કહ્યું: «અલ્લાહના માર્ગમાં જિહાદ કરવું» આ હદીષને ઇમામ બુખારી અને

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

ઇમામ મુસ્લિમ રહ.એ વર્ણન કરી, વર્ણવેલ દલીલો માતાપિતા સાથે સારો વ્યવહાર કરવાનો આદેશ આપે છે, જે આજે ઘણા લોકોએ છોડી દીધા છે, અને અવજ્ઞા તેમજ સબંધ ખતમ કરી દીધા છે, તમે કેટલાક લોકોને જુઓ છો કે તેઓ માતાપિતાના કોઈ હક અદા નથી કરતા, પરંતુ કેટલીક વખત તો તેમને તુચ્છ નજરોથી જુએ છે, અને તેમન પર પોતાની મોટાઈ સાબિત કરે છે, આવા લોકો પોતાના કર્મોની સજા હાલ અથવા ભવિષ્યમાં જરૂર પામશે.

*

# ચોથો હક: બાળકોના હક

બાળકોમાં દીકરા અને દીકરીઓ બન્ને શામેલ છે, બાળકોના હકો ઘણા છે, જેમાંથી અગત્યનો હક તેમની તરબિયતનો છે, તરબિયતનો અર્થ એ કે બાળકોને દીન અને સંપૂર્ણ અખ્લાક (નૈતિકતા) શીખવાડવામાં આવે, જેથી તેમનામાં દીન પ્રત્યે લગાવ રહે, અલ્લાહ તઆલાએ કહ્યું:

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُواْ قُوٓاْ أَنفُسَكُمۡ وَأَهۡلِيكُمۡ نَارٗا وَقُودُهَا ٱلنَّاسُ وَٱلۡحِجَارَةُ ٦

{હે ઇમાનવાળાઓ ! તમે પોતાને અને પોતાના ઘરવાળાઓને તે આગથી બચાવો, જેનું ઇંધણ માનવીઓ અને પથ્થર છે} (અત્ તહરીમ: ૬],

અને નબી ﷺ એ કહ્યું: «તમારા માંથી દરેક વ્યક્તિ જવાબદાર છે, અને દરેકને પોતાની જવાબદારી વિશે સવાલ કરવામાં આવશે, માણસ પોતાના ઘરવાળાઓનો જવાબદાર છે અને તેને તેની જવાબદારી વિશે જરૂર સવાલ કરવામાં આવશે», બાળકો માતાપિતાના શિરે એક અમાનત છે, કયામતના દિવસે તેમના વિશે જરૂર સવાલ કરવામાં આવશે,બાળકોની દીન અને અખ્લાક બાબતે તરબિયત કરીને જ પોતાની જવાબદારી સારી રીતે નિભાવી શકે છે, અને બાળકોનો સુધારો પણ કરી શકે છે, બાળકો જ્યારે નેક હશે તો દુનિયા અને આખિરતમાં તેમની આંખોની ઠંડક બનશે, અલ્લાહ તઆલાએ કહ્યું:

وَٱلَّذِينَ ءَامَنُواْ وَٱتَّبَعَتۡهُمۡ ذُرِّيَّتُهُم بِإِيمَٰنٍ أَلۡحَقۡنَا بِهِمۡ ذُرِّيَّتَهُمۡ وَمَآ أَلَتۡنَٰهُم مِّنۡ عَمَلِهِم مِّن شَيۡءٖۚ كُلُّ ٱمۡرِيِٕۭ بِمَا كَسَبَ رَهِينٞ ٢١

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

{જે લોકો ઇમાન લાવ્યા અને તેમની સંતાનોએ પણ ઇમાનમાં તેમનું અનુસરણ કર્યું, તો અમે તેમના સંતાનોને તેમની સાથે પહોંચાડી દઇશું અને અમે તેમના કર્મમાંથી ઘટાડો નહીં કરીએ, દરેક વ્યક્તિ પોતાના કર્મોમાં જકડાયેલો છે} [અત્ તૂર: ૨૧],

{અલત્નાહુમ): અર્થાત્: તેમનું નુકસાન, અને આપ ﷺ એ કહ્યું: «જ્યારે આદમનો દીકરો મૃત્યુ પામે છે ત્રણ અમલ સિવાય દરેક અમલ ખત્મ થઈ જાય છે, એક સદકએ જારિયહ, બીજું એવું ઇલ્મ જેનાથી તેના મૃત્યુ પછી પણ ફાયદો ઉઠાવવામાં આવે અને ત્રીજું નેક બાળકો જે પોતાના માતાપિતાના હકમાં દુઆ કરતા રહે», આ માતાપિતાની શ્રેષ્ઠ તરબિયતના કારણે જ તેઓ માતાપિતાના મૃત્યુ પછી પણ તેમના હકમાં દુઆ કરતા રહે છે. ઘણા માતપિતાએ આ હકને તુચ્છ જાણી પોતાના બાળકોને વેડફી નાખ્યા છે, તેઓને પોતાના બાળકોને એવી રીતે છોડી દીધા છે જાણે કે તેમને તેમના વિશે કોઈ પૂછપરછ કરવામાં જ નહીં આવે, તેઓ ક્યારેય તેમને સવાલ નથી કરતા કે તેઓ ક્યાં ગયા? અને ક્યાંથી આવો છો? તેમના દોસ્તો અને મિત્રો કોણ કોણ છે? તેઓ ન તો તેમને કોઈ ભલાઈની શિક્ષા આપે છે અને ન તો કોઈ બુરાઈના કામોથી રોકે છે. આશ્ચર્યની વાત એ છે કે આવા લોકો પોતાના માલની દેખરેખ અને તેને વધારવા માટે અત્યંત લોભ્યા હોય છે, જ્યારે કે જોવા જઈએ તો તે માલની દેખરેખ અને રક્ષા તેઓ બીજા માટે કરતા હોય છે, પરંતુ બાળકો પ્રત્યે આ પ્રકારનું ધ્યાન નથી આપતા, જ્યારે કે તેમની દેખરેખ વધારે જરૂરી છે, તેમજ દુનિયા અને આખિરતમાં વધારે ફાયદાકારક છે, જે પ્રમાણે માતાપિતા પર બાળક માટે ખોરાક પાણી તેમજ પોશાકની જવાબદારી હોય છે, એવી જ રીતે માતાપિતા માટે જરૂરી છે કે તેઓ પોતાના બાળકને દીનનું ઇલ્મ તેમજ ઈમાન પર ધ્યાન આપે, અને તેને તકવાનો

પોશાક પહેરાવે, આ તેમના માટે વધુ સારું છે. માતાપિતા માટે જરૂરી છે કે તેઓ યોગ્ય રીતે તેમના પર ખર્ચ કરે, તેમના પર ન તો વ્યર્થ ખર્ચ કરવામાં આવે અને ન તો તેમના જરૂરી હક પુરા કરવામાં કચાસ રાખવામાં આવે, પિતા પર બાળકોનો જરૂરી હક છે, અને અલ્લાહએ આપેલ માલની નેઅમત પર શુક્ર કરવો પણ જરૂરી છે. પિતા પોતાના જીવનમાં માલ ભેગો કરવા માટે બાળકો પર ખર્ચ કરવાથી કંઈ રીતે હાથ રોકી રાખી શકે છે અને કંજુસાઈ કરી શકે છે,જ્યારે કે તેના મૃત્યુ પછી તેઓ જબરદસ્તી તેનો સંપૂર્ણ સામાન લઈ લે છે, જો પિતા બાળકોના હકમાં કંજુસાઈ કરે તો બાળકો ને છૂટ છે કે તેઓ પોતાની જરૂરત પ્રમાણે તેના માલ માંથી લઈ લે, જેવું કે હિન્દ બિન્તે ઉતબહ રઝી. ને આપ ﷺ એ ફતવો આપ્યો હતો. બાળકોના હક માંથી એક એ પણ કે માતાપિતા હદીયો આપવામાં કોઈને કોઈના પણ પ્રાથમિકતા ન આપે, એવું ન હોવું જોઈએ કે એક ને આપો અને એકને વંચિત કરી દો, કારણકે આવું કરવું જુલમ અને અત્યાચાર ગણાશે, અને અલ્લાહ જાલિમ લોકોને પસંદ નથી કરતો. એટલા માટે કે આ અન્યાય તેમના દિલોમા નફરત અને દ્વેષ પેદા કરવા માટે પૂરતું છે, અને જેમને હદીયો મળી રહ્યો છે અને જેમને નથી મળી રહ્યો, તેમની વચ્ચે દુશ્મની થઈ શકે છે, કેટલાક માતાપિતા તો પોતાનું કોઈ બાળક તેમની સાથે સારો વ્યવહાર કરવાના કારણે તેઓ તેને ખાસ હદીયો આપતા હોય છે પરંતુ આ રીતે કરવું, આજ્ઞાકારી પ્રાથમિકતાનું કારણ નથી બની શકતી, કારણકે જે બાળક આજ્ઞાકાર હોય તેને તેની આજ્ઞાકારીના બદલામાં કઈ આપવું યોગ્ય નથી, કારણકે તેની આજ્ઞાનો બદલો તો અલ્લાહના શિરે છે, અને આવું કરવાથી પણ તેઓ પોતાની આજ્ઞામાં ઘમડી બની જશે, અને પોતાને શ્રેષ્ઠ સમજવા લાગે અને નાફરમાની કરવામાં વધી જાય. પછી આપણે એ પણ નથી જાણતા કે

ભવિષ્યમાં શું થશે, બની શકે છે કે આજ્ઞાકરી દીકરો નાફરમાન બની જાય અને નાફરમાન બાળક આજ્ઞાકરી બની જાય, બંદાઓના દિલ અલ્લાહના હાથમાં છે, તે જેવી રીતે ઈચ્છે ફેરવે છે. બુખારી મુસ્લિમમાં વર્ણન કરવામાં આવ્યું છે,  નૌમાન બિન બસીર રઝી. રિવાયત કરે છે કે તેમના પિતા બસીર બિન સઅદે તેમને એક ગુલામ હદીયા રૂપે આપ્યો, અને આપ ﷺ ને તેની જાણ આપી. તો આપ ﷺ એ કહ્યું: «શું તમે તમારા દરેક બાળકોને આ પ્રમાણે ગુલામ હદીયો આપ્યો છે?» તેઓએ જવાબ આપ્યો કે ના, તો આપ ﷺ એ કહ્યું: «પછી તે ગુલામને પાછો લઈ લો», એક બીજી રિવાયતના શબ્દો આ પ્રમાણે છે: «તમે અલ્લાહથી ડરો, અને પોતાના બાળકો વચ્ચે ન્યાયથી કામ લો», એક બીજી રિવાયતના શબ્દો છે: «આ હદીયા પર બીજા કોઈને સાક્ષી બનાવી લો કારણકે આ જુલમ છે અને હું જુલમના કામોમાં સાક્ષી નથી બનતો», આપ ﷺ એ બાળકો વચ્ચે એક બીજા પર પ્રાથમિકતા આપવાને જુલમ કહ્યું, અત્યાચાર અને જુલમ હરામ છે. પરંતુ કોઈ પિતાએ પોતાના કોઈ દીકરાને કોઈ એવી વસ્તુ આપી જેનો તે જરૂરતમંદ હતો, અને બીજો દીકરાને તેની જરૂર ન હતી, ઉદાહરણ તરીકે એક છોકરાને મદ્રસાનો સામાન (નોટ, પેન અને સહી વગેરે) અથવા ઈલાજ માટે અથવા શાદી માટે તે જરૂરતમંદ હતો, તે છોકરાની જરૂરત પૂરી કરવામાં કોઈ વાંધો નથી; કારણકે આ ખાસ પ્રકારની મદદ જરૂરત પ્રમાણે હતી, જેથી આ તેના ઉપર થતા ખર્ચામાં ગણાશે.

પિતા પોતાના સંતાનની શિક્ષા અને તરબિયત અને ખર્ચાની જવાબદારી પૂરી કરી દે, તો તે વાતને લાયક છે કે તેના બાળકો તેની આજ્ઞાઓનું પાલન કરે અને તેના અધિકારો પૂરા કરે, જો આ વિરુદ્ધ કોઈ પિતા પોતાના સંતાનના અધિકારો પૂરા નથી કરતો અને તેમાં આળસ કરે છે તો તે સજાનો હકદાર

બની જાય છે, અર્થાત્ તેની સંતાન પણ તેના અધિકારો પૂરા કરવાથી ઇન્કાર કરી દેશે અને બદલા રૂપે સંતાનની આજ્ઞાભંગની સજામાં સપડાઈ જશે, કહેવત છે કે જેવુ કરશો તેવું ભરશો.

*

# પાંચમો હક: સગા સબંધીઓના હક

તમારા નજીકના દરે સગા સંબંધીઓ, જેમકે ભાઈ, કાકા, મામા અને તે દરેકની સંતાન અને સાથે સાથે દરેક સગા સંબંધીઓની નિકટતા પ્રમાણે તમારા પર હક (અધિકાર) છે, અલ્લાહ તઆલાએ કહ્યું:

وَءَاتِ ذَا ٱلْقُرْبَىٰ حَقَّهُۥ وَٱلْمِسْكِينَ وَٱبْنَ ٱلسَّبِيلِ وَلَا تُبَذِّرْ تَبْذِيرًا ٢٦

{અને સગાંસંબંધીઓ તથા લાચારો અને મુસાફરોના હક પૂરા કરતા રહો} [ અલ્ ઇસ્રા: ૨૬], અને બીજી જગ્યાએ કહ્યું:

وَٱعْبُدُوا۟ ٱللَّهَ وَلَا تُشْرِكُوا۟ بِهِۦ شَيْـًٔا ۖ وَبِٱلْوَٰلِدَيْنِ إِحْسَٰنًا وَبِذِى ٱلْقُرْبَىٰ وَٱلْيَتَٰمَىٰ وَٱلْمَسَٰكِينِ وَٱلْجَارِ ذِى ٱلْقُرْبَىٰ وَٱلْجَارِ ٱلْجُنُبِ وَٱلصَّاحِبِ بِٱلْجَنۢبِ وَٱبْنِ ٱلسَّبِيلِ وَمَا مَلَكَتْ أَيْمَٰنُكُمْ ۗ إِنَّ ٱللَّهَ لَا يُحِبُّ مَن كَانَ مُخْتَالًا فَخُورًا ٣٦

{અને અલ્લાહ તઆલાની બંદગી કરો અને તેની સાથે કોઇને ભાગીદાર ન ઠેરવો, માતા-પિતા સાથે સારું વર્તન કરો તેમજ સગાંસંબંધીઓ, અનાથો, લાચારો, નજીકના પાડોશી, અજાણ પાડોશી, સહવાસીઓ, પોતાની સાથે સફર કરનાર તે સૌ સાથે સારો વ્યવહાર કરો} [અન્ નિસા: ૩૬],

જેથી દરેક વ્યક્તિની ફરજ બને છે કે તે જાણીતી પદ્ધતિઓથી, પોતાના સમાજની સ્થિતિ પ્રમાણે પોતાના સગા સંબંધીઓને નાણાકીય અને ભૌતિક રીતે ફાયદો પહોંચાડી અને જરૂરત પ્રમાણે તેમની સાથે સારો વ્યવહાર કરે, શરીઅત, બુદ્ધિ અને ફિતરતની આજ માંગ છે. સગા સંબધીઓ સાથે સારો વ્યવહાર કરવા બાબતે ઘણી હદીષો જોવા મળે છે, સહીહૈન (બુખારી મુસ્લિમ)માં અબૂ હુરૈરહ રઝી, થી રિવાયત છે કે નબી ﷺ કહ્યું: «અલ્લાહ

તઆલાએ સર્જનીઓને પેદા કર્યા અને જ્યારે તેણે પોતાનું કામ સમાપ્ત કર્યું તો "રહમ" ઊભો થઈ ગયો અને કહ્યું: રહેમને તોડવાથી તારી પનાહ માગવાવાળાની જગ્યા છે, અલ્લાહ તઆલાએ કહ્યું:

હા, શું તને પસંદ નથી કે જે તને જોડે તેને હું જોડું અને જે તને તોડી નાખે તેને હું પણ તોડું? રહેમે જવાબ આપ્યો: હા કેમ નહીં, કહ્યું બસ આ તમારા માટે છે», ફરી નબી ﷺ એ કહ્યું: «જો તમે ઈચ્છતા હોય તો અલ્લાહની આ આયત પઢો:

فَهَلۡ عَسَيۡتُمۡ إِن تَوَلَّيۡتُمۡ أَن تُفۡسِدُواْ فِي ٱلۡأَرۡضِ وَتُقَطِّعُوٓاْ أَرۡحَامَكُمۡ ٢٢

{પછી (હે મુનાફિકો) તમારાથી દૂર નથી કે જો તમને સત્તા મળી જાય તો તમે ધરતી પર ફસાદ કરવા લાગો અને સબંધો પણ તોડવા લાગો.} [મુહમ્મદ:૨૨],

અને નબી ﷺ એ કહ્યું: «જે વ્યક્તિ અલ્લાહ પર અને આખિરતના દિવસ પર ઈમાન ધરાવતો હોય તો તે સગા સંબંધીઓ સાથે સારો વ્યવહાર કરે».

ઘણા લોકો આ અધિકારને ભૂલાવી ચુક્યા છે, અથવા તો તેને પૂરો કરવા બાબતે આળસ કરે છે, તમે જોતા હશો કે કેટલાક લોકો ન તો માલ અને સંપત્તિ, ન તો સારા અખ્લાક વડે, કોઈ પણ પ્રકારથી સગા સંબંધીઓ સાથે વ્યવહાર કરતા નથી, અઠવાડિયા અને મહિનાઓ પસાર થઈ જાય છે પરંતુ તેઓ પોતાના સગાઓને મળવા પણ જતા નથી, ન તો તેમને કોઈ પણ ભેટ મોકલાવી મોહબ્બત વધારવાની કોશિશ કરે છે, અને ન તો તેમની કોઈ જરૂરત પૂરી કરે છે, પરંતુ કેટલીક વાર તો પોતાની વાતો અથવા પોતાના કાર્યો વડે અથવા બંને વડે તેમને તકલીફ પહોંચાડે છે, અથવા તો દૂરના સગા સંબંધીઓ સાથે તો સંબધ રાખે છે અને નજીકના સગા સંબંધીઓને છોડી દે છે.

અને અમુક બીજા લોકોની સ્થિતિ એવી છે કે જ્યારે તેમના સગા વહાલા તેમની સાથે સંબંધ રાખે અને સારો વ્યવહાર કરે તો તેઓ તેમની સાથે સારો વ્યવહાર કરે, અને જ્યારે તેમના સગા વહાલા તેમની સાથે સંબંધ તોડી નાખે તો તેઓ પણ સંબંધ તોડી નાખે છે, આવો વ્યક્તિ હકીકતમાં સંબંધ જોડવાવાળો નથી, પરંતુ ભલાઈનો બદલો ભલાઈ સાથે આપવાવાળો છે, જેવુકે સામાન્ય લોકો કરતાં હોઇ છે, પરંતુ સાચે જ સંબંધ જોડવાવાળો તે છે જે ફક્ત અલ્લાહની પ્રસન્નતા માટે સંબંધ જોડે, અને તે વાતની ચિંતા ન કરે કે તેના સગા વહાલા તેની સાથે સંબંધ રાખે છે કે નહીં, જેવુ કે «સહીહ બુખારી»માં અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ રઝી.થી રિવાયત છે કે નબી ﷺ એ કહ્યું: «સંબંધ સાચવવાવાળો તે નથી જે બદલા રૂપે સંબંધ સાચવે છે, પરંતુ સાચો સંબંધ સાચવવાવાળો તે છે, જ્યારે તેની સાથે સંબંધ તોડવામાં આવે તો પણ તે સંબંધ જોડીને રાખે», અને એક વ્યક્તિએ કહ્યું: હે અલ્લાહના રસૂલ ! મારા કેટલાક સગા વહાલા એવા છે, જ્યારે હું તેમની સાથે સારો વ્યવહાર કરું છું તો તેઓ મારી સાથે સંબંધ તોડી નાખે છે, હું તેમની સાથે સદવર્તન કરું છે તો તેઓ મારી સાથે ખરાબ વર્તન કરે છે, હું તેમની સાથે સબર અને ધીરજ સાથે વર્તન કરું છું તેઓ મારી સાથે અજ્ઞાનતા સાથે વર્તન કરે છે, તે વ્યક્તિની વાત સાંભળી નબીએ કહ્યું: «જો તમારી સ્થિતિ આ પ્રમાણે જ હોય, જેમ તમે કહ્યું, તો તમે તેમને ગરમ થયેલી રાખ ખવડાવી રહ્યા છો (અર્થાત્ તેમને અપમાનિત કરી રહ્યા છો) અને જ્યારે તમે પોતાની આ સ્થિતિ પર જ રહેશો તો અલ્લાહ તરફથી એક મદદ કરવાવાળો (ફરિશ્તો) તમારા માટે નક્કી કરી દેવામાં આવશે» આ હદીષને ઈમામ મુસ્લિમ રહ. રિવાયત કરી છે.

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

સગા વહાલા સાથે સારો વ્યવહાર કરવાનો એટલો જ ફાયદો થાય છે, કે અલ્લાહ સગા વહાલા સાથે સારો વ્યવહાર કરનારને દુનિયા અને આખિરતમાં (પોતાની સાથે) જોડી રાખે, તેના પરિણામે તેના પર પોતાની રહેમતો ઉતારે, તેના મુઆમલાત આસન કરી દે, અને તેની પરેશાનીઓ દૂર કરી દે, તો શું આ પૂરતું ન હતું, જ્યારે કે સગા વહાલાઓ સાથે સારો વ્યવહાર કારવીથી મોહબ્બત વધે છે, એકબીજા સાથે સદવર્તન અને મુશ્કેલીમાં એકબીજાની મદદ કરે છે, અને તેના દ્વારા ખુશી પ્રાપ્ત થાય છે, જેવુ કે દરેક લોકો અનુભવ કરે છે અને દરેક જાણે છે, જ્યારે કે સંબંધ તોડી દેવાની સ્થિતિમાં આ બધા ફાયદાથી વંચિત થઈ જવાઈ છે, એક બીજાથી દૂર થઈ જવાઈ છે અને બંને વચ્ચે નફરત પેદા થઈ જાય છે.

*

# છઠ્ઠો હક: પતિ પત્નીના હકો

શાદીના મહત્વપૂર્ણ પરિણામો અને મોટી મોટી જરૂરીયાતો છે, આજ શાદી પતિ અને પત્ની વચ્ચે એક સંબંધ છે જે તે બંનેને એકબીજાના હકો અર્થાત્ શારીરિક, સમૂહિકને નાણાકીય અધિકારોમાં બાંધે છે.

જેથી પતિ પત્ની માટે જરૂરી છે કે તે બંને માંથી દરેક એકબીજા સાથે સારી રીતે જીવન પસાર કરે, અત્યંત વિનમ્રતા અને દયા સાથે એકબીજાના અધિકારો પૂરા કરે, અને અધિકારો પૂરા કરવામાં કોઈ પણ પ્રકારની વિલંભ ન કરે, અલ્લાહ તઆલાએ કહ્યું:

وَعَاشِرُوهُنَّ بِٱلۡمَعۡرُوفِۚ ١٩

{તેણીઓ સાથે ઉત્તમ તરીકાથી વર્તન કરો} [અન્ નિસા: ૧૯],
અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલાએ કહ્યું:

وَلَهُنَّ مِثۡلُ ٱلَّذِي عَلَيۡهِنَّ بِٱلۡمَعۡرُوفِۚ وَلِلرِّجَالِ عَلَيۡهِنَّ دَرَجَةٞۗ

{સ્ત્રીઓના પણ તેવા જ અધિકારો છે જેવા તેણીઓ પર પુરૂષોના છે, હા પુરૂષોને સ્ત્રીઓ પર બઢોતરી છે} [અલ્ બકરહ: ૨૨૮],
એવી જ રીતે સ્ત્રીઓ માટે જરૂરી છે કે તેઓ પોતાના પતિ માટે તે દરેક વસ્તુ કરે જે તેમના પર વાજિબ છે.
પતિ અને પત્ની જ્યારે એકબીજાના અધિકારો પૂરા કરશે, તો તેમનું જીવન સુખી અને આનંદ ભર્યું થઈ જશે, પરંતુ જો મામલો વિરુદ્ધ હોઇ તો તે બંનેની વચ્ચે મતભેદ અને સંઘર્ષ પેદા થઈ જશે અને બંનેનું જીવન અર્થહીન થઈ જશે.

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

સ્ત્રીઓની પરિસ્થિતિનો ખ્યાલ રાખી તેમની સાથે સારો વ્યવહાર કરવા બાબતે ઘણી હદીષો જોવા મળે છે, અને તેમ વર્ણન કરવામાં આવ્યું છે સ્ત્રીનું દરેક રીતે સંપૂર્ણ હોવું અશક્ય છે, નબી ﷺ એ કહ્યું: «સ્ત્રીઓ સાથે સારો વ્યવહાર કરો, કારણકે સ્ત્રી પાંસળી દ્વારા પેદા કરવામાં આવી છે, અને પાંસળીનો સૌથી જટિલ ભાગ તેનો ઉપરનો ભાગ છે, હવે જો તમે તેને સીધી કરવા જશો તો તમે તેને તોડી નાખશો, અને જો તેને તે જ સ્થિતિમાં છોડી દેશો, તો જટિલતા (અપ્રમાણિકતા) તો બાકી રહેશે (પરંતુ કામ ચાલતું રહેશે) જેથી સ્ત્રીઓ સાથે સારો વ્યવહાર કરો», અને બીજી એક રિવાયતમાં છે: «સ્ત્રીને પાંસળી વડે પેદા કરવામાં આવી છે, જે તમારા માટે ક્યારે પણ એક સ્થિતિમાં નહીં રહી શકે, હવે જો તેની જટિલતા (અપ્રમાણિકતા) સાથે જ ફાયદો ઉઠાવવા માંગતા હોવ તો ફાયદો ઉઠાવી લો, અન્યથા જો તેને સીધી કરવા લાગશો તો તોડી દેશો, અને તને તોડવું તલાક આપવું છે», બીજી હદીષમાં નબી ﷺ એ કહ્યું: «એક મોમિન કોઈ મોમિન સ્ત્રી (પત્ની) ને ખરાબ ન સમજે, જો તે તેની એક આદતના કારણે નાખુશ હશે તો તેના બીજા અખ્લાકથી તે ખુશ હશે», «લા યુફર્રિકુ» નો અર્થ: ખરાબ કહેવું, આ હદીષોમાં નબી ﷺ એ પોતાની ઉમ્મતને માર્ગદર્શન આપ્યું કે પતિ પોતાની પત્ની સાથે કેવો વ્યવહાર કરે? અને બની શકે ત્યાં સુધી તેના દ્વારા ફાયદો ઉઠાવે, કારણકે તેની ફિતરત છે, તે ગુણવત્તાની દરેક બાબતોમાં સંપૂણ નથી હોતી, પરંતુ તેણીઓમાં જટિલતા (અપ્રમાણિકતા) હોવી સામાન્ય વાત છે, જેથી પતિ તેની સ્થિતિનો ખ્યાલ રાખી તેના દ્વારા ફાયદો ઉઠાવે, જેના દ્વારા તેનું સર્જન કરવામાં આવ્યું છે.

આ હદીષોમાં એ પણ શિક્ષા આપવામાં આવી છે કે માનવીએ સ્ત્રીની ખૂબીઓ અને ખામીઓ વચ્ચે તુલના કરવી જોઈએ, જો તેણીની કોઈ આદતના કારણે

તે નાખુશ હોઇ તો તેણીની બીજી સારી આદત સાથે તુલના કરે જે તેને ખુશ કરતી હોઇ, અને તેણે સ્ત્રીને ગુસ્સો અને નાપસંદ વાળી આંખોથી ન જોવું જોઈએ.

કેટલાક લોકો પોતાની પત્નીઓ પાસે ગુણવત્તાની દરેક બાબતોની માંગ કરે છે, જે એક અશક્ય બાબત છે, તેના કારણે જ તે મુશ્કેલીમાં પડી જાય છે, અને પોતાની પત્નીઓ પાસેથી સંપૂણ ફાયદો નથી ઉઠાવી શકતો, પરંતુ કેટલીક વખત તો તલાક સુધી વાત પહોંચી જાય છે, જેમકે નબી ﷺ એ કહ્યું: «જો તેને સીધી કરવા લાગશો, તો તોડી દેશો, અને તને તોડવું તલાક આપવું છે», જેથી પતિ માટે જરૂરી છે કે તે નમ્રતાભર્યો વર્તન કરે, જ્યાં સુધી દીન અને શરાફત (ખાનદાન) વિરુદ્ધ કોઈ વાત ન આવી જાય, સ્ત્રીના કાર્યોથી અવગણના કરતો રહે. પતિ પર પત્નીના અધિકારો: પતિ પર પત્નીનો એક અધિકાર આ પણ છે કે પતિ પોતાની પત્નીના ખાવા પીવા, કપડાં અને ઘર તેમજ તેને લગતા દરેક ખર્ચાની જવાબદારી પૂરી કરે, કારણકે અલ્લાહ તઆલાએ કહ્યું:

رِزْقُهُنَّ وَكِسْوَتُهُنَّ بِٱلْمَعْرُوفِۚ

{અને માતા અને બાળકનો ખવાપીવા અને પોશાકની જવાબદારી તેના પર છે, જેનું બાળક હોય, (અર્થાત તેના પિતા), અને આ ખર્ચ તે નિયમ પ્રમાણે આપતો રહશે} [અલ્ બકરહ: ૨૩૩],

અને નબી ﷺ એ કહ્યું: «અને તમારા શિરે તમારી પત્નીઓને શ્રેષ્ઠ તરીકાથી ખોરાક અને કપડાંની જવાબદારી પૂરી પાડવી છે», અને નબી ﷺ ને પૂછવામાં આવ્યું કે અમારા માંથી કોઈના પર તેની પત્નીના કયાં કયાં અધિકારો છે? તો નબી ﷺ એ કહ્યું: «જ્યારે તમે ખાઓ તો તેને પણ ખવડાવો, જ્યારે તમે પહેરો તો તેને પણ પહેરવો, અને તેના ચહેરા પણ ન

મારો, ન તો તેને અપશબ્દો કહો અને ન તો તેને અલગ ઘરથી અલગ કરી છોડી દો» આ હદીષને ઇમામ અબૂ દાવૂદ રહ. એ રિવાયત કરી છે. પતિ પર પત્નીના અધિકારો માંથી તે પણ છે કે પતિ સ્ત્રી અને તેની સોતન વચ્ચે ન્યાય કરે, અર્થાત્ જો તેની પાસે બીજી પત્ની છે તો ખર્ચ અને ઘર આપવા અને રાત પસાર કરવા બાબતે, પરંતુ દરેક શક્ય બાબતોમાં બંને વચ્ચે ન્યાય કરે, કારણકે ફક્ત એક પત્ની જ સંપૂર્ણ બની જવું મોટો ગુનોહ છે, નબી ﷺ એ કહ્યું: «જેની પાસે બે પત્નીઓ હોય તે ફક્ત એક તરફ ઝૂકી જાય તો તે કયામતના દિવસે એવી સ્થિતિમાં આવશે કે તેનો એક ખભો ઝૂકેલો હશે», પરંતુ જે બાબતોમાં ન્યાય કરવો અશક્ય હોઇ,જેમકે મોહબ્બત અને મનની શાંતિ, તો તેના પર તેના માટે કોઈ ગુનોહ નથી, કારણકે આ તેની તાકાત બહારની વાત છે, અલ્લાહ તઆલાએ કહ્યું:

وَلَن تَسۡتَطِيعُوٓاْ أَن تَعۡدِلُواْ بَيۡنَ ٱلنِّسَآءِ وَلَوۡ حَرَصۡتُمۡ

{તમારાથી એવું તો ક્યારેય નહીં થઇ શકે કે પોતાની દરેક પત્નીઓમાં દરેક રીતે ન્યાય કરો, ભલેને તમે તે બાબતે કેટલીય ઇચ્છા અને મહેનત કરી લો} [અન્ નિસા: ૧૨૯],

અને નબી ﷺ પોતાની પત્નીઓ વચ્ચે ન્યાય સાથે તેમની વારીઓ વહેંચતા હતા, અને કહેતા: «હે અલ્લાહ ! આ મારી વહેંચણી છે, જે મારી ક્ષમતામાં છે, બસ જેનો તું માલિક છે અને જે મારી ક્ષમતામાં નથી તેમાં તું મને અપમાનિત ન કર». પરંતુ જો કોઈ વ્યકિત એક પત્નીની પ્રસન્નતા સાથે બીજી પત્ની પાસે રાત પસાર કરે તો તેમાં કોઈ વાંધો નથી, જેમકે નબી ﷺ આયશા રઝી. ની તેમની વારીમાં પણ રહેતા હતા અને સૌદા રઝી.ની વારીમાં પણ તેમની પાસે રહેતા હતા, સૌદા રઝી. એ પોતાની  વારી આયશા રઝી. ને હદીયા રૂપે આપી દીધી હતી, અને મૃત્યુના સમયે નબી ﷺ કહેતા

હતા: «હું કાલે ક્યાં રહીશ?» «હું કાલે ક્યાં રહીશ?» આ સાંભળી આપ ﷺ ની દરેક પવિત્ર પત્નીઓએ અધિકાર આપ્યો કે તમે જ્યાં ઈચ્છો ત્યાં રહી શકો છો, જેથી નબી ﷺ આયશા રઝી. પાસે રહેવા લાગ્યા, અહીં સુધી કે આપનું મૃત્યુ થઈ ગયું. અને રહી વાત પત્ની પર પતિના અધિકારોની તો આ અધિકારો પતિ પર જે પત્નીના અધિકારો છે, તેના કરતાં પણ વધુ મહત્વના છે, કારણકે અલ્લાહ તઆલાએ કહ્યું:

وَلَهُنَّ مِثْلُ ٱلَّذِى عَلَيْهِنَّ بِٱلْمَعْرُوفِ ۚ وَلِلرِّجَالِ عَلَيْهِنَّ دَرَجَةٌ

{સ્ત્રીઓના પણ તેવા જ અધિકારો છે જેવા તેણીઓ પર પુરૂષોના છે, હા પુરૂષોને સ્ત્રીઓ પર બઢોતરી છે} [ અલ્ બકરહ: ૨૨૮],

પુરુષને સ્ત્રી પર આગેવાન બનાવવામાં આવ્યો છે, કારણકે તેજ તેની અનુકૂળતાનું ધ્યાન રાખી શકે છે, અને તેની દેખરેખ અને તરબિયત અને સત્ય માર્ગદર્શન આપે છે, જેમકે અલ્લાહ તઆલાએ કહ્યું:

ٱلرِّجَالُ قَوَّٰمُونَ عَلَى ٱلنِّسَآءِ بِمَا فَضَّلَ ٱللَّهُ بَعْضَهُمْ عَلَىٰ بَعْضٍ وَبِمَآ أَنفَقُوا۟ مِنْ أَمْوَٰلِهِمْ

{પુરુષ સ્ત્રીઓના દરેક પ્રકારના મામલાઓનો જવાબદાર છે, એટલા માટે કે અલ્લાહ તઆલાએ એકને બીજા પર શ્રેષ્ઠતા આપી છે અને એટલા માટે પણ કે પુરૂષો પોતાનો માલ ખર્ચ કરે છે} [અન્ નિસા: ૩૪].

પત્ની પર તેના પતિનો એક અધિકાર તે પણ છે કે જ્યાં સુધી અલ્લાહની અવગણના ન હોઇ ત્યાં સુધી તે તેની આજ્ઞાઓનું પાલન કરે, અને તેની અંગત બાબતો અને સંપત્તિની સુરક્ષા કરે, નબી ﷺ એ કહ્યું: «જો હું કોઈને આદેશ આપતો કે તે કોઈને સિજદો કરે, તો હું સ્ત્રીને આદેશ આપતો કે તે પોતાના પતિને સિજદો કરે», અને બીજી એક વખત નબી ﷺ એ કહ્યું:

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

«જ્યારે કોઈ પુરુષ તેની પત્નીને પથારી પર બોલાવે અને તે આવવાથી ઇન્કાર કરી દે, ફરી પુરુષ નારાજ થઈ રાત પસાર કરે, તો ફરિશ્તાઓ સવાર સુધી તે સ્ત્રી પર લઅનત કરતાં રહે છે». પત્ની પર તેના પતિનો એક અધિકાર આ પણ છે કે તે કોઈ પણ એવું કામ ન કરે જેના કારણે તેનો પતિ તેનાથી ફાયદો ન ઉઠાવી શકે, ભલેને તે નફિલ ઈબાદત પણ કેમ ન હોઇ, કારણકે નબી ﷺ એ કહ્યું: «કોઈ પણ સ્ત્રી માટે તે જાઈઝ નથી કે તે તેના પતિની હાજરીમાં તેની પરવાનગી વગર (નફિલ) રોઝા રાખે, અને ન તો તે જાઈઝ છે કે તેની પરવાનગી વગર કોઈને ઘરમાં આવવા દે». અને અલ્લાહના પયગંબર નબી ﷺ એ સ્ત્રી માટે પતિની આજ્ઞાઓનું પાલન કરવું જન્નતમાં જવાનું એક કારણ બતાવ્યું છે, ઈમામ તિર્મિઝિ રહ. એ ઉમ્મે સલમા રઝી. દ્વારા રિવાયત કરી છે કે નબી ﷺ એ કહ્યું: «જે સ્ત્રીનું મૃત્યુ એ સ્થિતિમાં થાય કે તેનો પતિ તેનાથી રાજી હતો તો તે જન્નતમાં દાખલ થશે».

*

# સાતમો હક: આગેવાનો અને પ્રજાના અધિકારો

આગેવાનો: તે લોકો જે મુસલમાનોના કાર્યો અને મામલાઓના જવાબદાર હોય, ભલેને તે જવાબદારી સામાન્ય હોઇ, જેમકે દેશના વડા હોઇ, અથવા કોઈ ખાસ જવાબદારી હોય, જેમકે કોઈ ખાસ સંસ્થા અથવા કોઈ ખાસ કાર્યના આગેવાન હોય, તે દરેકના અધિકારો છે જેને પૂરા કરવા પ્રજાની જવાબદારી છે, એવી જ રીતે તે આગેવાનો પર પણ પ્રજાના કેટલાક અધિકારો છે.

આગેવાનો પર પ્રજાના અધિકારો: આગેવાનો પર પ્રજાના અધિકારો માંથી એક અધિકાર તે પણ છે કે અમાનત શ્રેષ્ઠ તરીકાથી અદા કરે, જે અલ્લાહ તઆલાએ તેમને સોંપી છે, અને જેને પૂરી કરવા બાબતે તેઓ બંધાયેલા છે, અર્થાત્ પ્રજા સાથે સારો વ્યવહાર કરવો, તેમને તે સત્ય માર્ગ તરફ લઈ જવા જેના દ્વારા તેઓ દુનિયા અને આખિરતમાં ભલાઈ પ્રાપ્ત કરી શકે, અને આ ઈમાનવાળાઓના માર્ગ પર ચાલીને પ્રાપ્ત થશે, જે નબી ﷺ નો માર્ગ છે, અને તેમાં જ આગેવાનો અને તેમની હેઠળ રહેતી પ્રજાની ભલાઈ છે, અને આજ માર્ગ આગેવાનો માટે પોતાની પ્રજાની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો અને બંને વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધ બનાવવાનું માધ્યમ છે, અને પ્રજા માટે પોતાના આગેવાનોને આધીન થવા અને આગેવાનો માટે પોતાની જવાબદારી પૂરી કરવાનો શ્રેષ્ઠ તરીકો છે, કારણકે જે અલ્લાહનો તકવો (ડર) આપનવશે તો લોકો પણ તેનો ખ્યાલ રાખશે, અને જે અલ્લાહને ખુશ કરશે તો અલ્લાહ તેના માટે લોકો તરફથી આવવાવાળા દુખો માટે પૂરતો થઈ જશે, કારણકે બંદાઓના દિલ અલ્લાહના હાથમાં છે, તે જે પ્રમાણે ઈચ્છે છે તેને ફેરવે છે.

પ્રજા પર આગેવાનોના અધિકારો: પ્રજા પર આગેવાનોના અધિકારો તે છે કે તેમની તરફથી કોઈ કાર્યની જવાબદારી કોઈ વ્યક્તિને સોંપવામાં આવી હોઇ તો તે તેને સારી રીતે નિભાવે, જો તે આળસ કરે તો લોકો તેને યાદ અપાવે, સત્ય માર્ગથી ભટકી જાય તો તેને સત્ય માર્ગ તરફ માર્ગદર્શન આપે, અને જ્યાં સુધી અલ્લાહની અવજ્ઞા ન થાય ત્યાં સુધી તેમની આજ્ઞાઓનું પાલન કરતાં રહે; કારણકે તેના વડે જ મામલાઓ શ્રેષ્ઠ અને આયોજન પૂર્વક થઈ શકે છે, તેના વિરુદ્ધ જો તેમનો વિરોધ અને અવજ્ઞા કરવામાં આવે, તો અવ્યવસ્થા ઊભી થઈ જશે, આજ કારણ છે કે જ્યાં અલ્લાહ તઆલાએ પોતાની અને પોતાના નબીની આજ્ઞાઓનું પાલન કરવાનો આદેશ આપ્યો ત્યાં જ અલ્લાહએ આગેવાનોની આજ્ઞાઓનું પાલન કરવાનું કહ્યું, અલ્લાહ તઆલાએ કહ્યું:

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُواْ لَا تَأۡكُلُوٓاْ أَمۡوَٰلَكُم بَيۡنَكُم بِٱلۡبَٰطِلِ إِلَّآ أَن تَكُونَ تِجَٰرَةً عَن تَرَاضٖ مِّنكُمۡۚ وَلَا تَقۡتُلُوٓاْ أَنفُسَكُمۡۚ إِنَّ ٱللَّهَ كَانَ بِكُمۡ رَحِيمٗا ٢٩

{હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાનું પાલન કરો, અને તમારા માંથી જે હાકિમ છે તેમની પણ આજ્ઞાનું પાલન કરો} [અન્ નિસા: ૫૯],

અને નબી ﷺ એ કહ્યું: «મુસલમાનો પર આગેવાની વાત સાંભળવી અને તેનું અનુસરણ કરવું વાજિબ છે, જે વાત તેને પસંદ હોય તેને પણ અને જે નાપસંદ હોઇ તે પણ, સિવાય એ કે તેને અલ્લાહની અવજ્ઞા કરવાનો આદેશ આપવામાં આવે, તો તે સમયે ન તો તે આગેવાનોની વાત સાંભળશે ન તો તેનું પાલન કરશે» (બુખારી મુસ્લિમ). અને અબ્દુલ્લાહ બિન ઉમર રઝી. વર્ણન કરે છે: અમે એક સફરમાં નબી ﷺ સાથે હતા, ફરી એક જગ્યાએ

રોકાયા, તો નબી ﷺ ના અવાજ લગાવનારએ "અસ્ સલાતુ જામિઅતુન (નમાઝ ઊભી થઈ રહી છે)" કહી આવાજ લગાવી, આવાજ સાંભળી અમે નબી ﷺ પાસે ભેગા થઈ ગયા, તો નબી ﷺ એ કહ્યું: «અલ્લાહએ જે પણ નબીને મોકલ્યો તેના પર જરૂરી કર્યું કે તે પોતાની કોમને ભલાઈની શિક્ષા આપે, જે તેને ખબર હોય, અને તે દરેક બુરાઈથી ભયભીત કરે જે તે જાણતો હોય, તમારી કોમની સુરક્ષા તેના પહેલાના લોકોમાં હતી, અને આ કોમના છેલ્લા લોકોમાં ઘણી ઘણી મુસીબતો અને ફિતનાઓમાં સપડાઈ જશે, ફિતના જાહેર થશે, અને કેટલાક ફિતનાઓ (પોતાની તીવ્રતાના કારણે) બીજા ફિતનાને હલકા કરી દેશે, ફિતનાઓ જાહેર થશે તો મોમિન કહેશે કે આમાં નષ્ટતા છે, બસ જેને પસંદ હોય કે તેને જહન્નમથી બચાવી લેવામાં આવે અને જન્નત આપી દેવામાં આવે તો તેનું મૃત્યુ એ સ્થિતિમાં થાય કે તે અલ્લાહ અને આખિરતના દિવસ પર ઈમાન ધરાવતો હોય, અને લોકો સાથે એવો વ્યવહાર કરે જે તે પોતાની સાથે કરતો હોય, અને જેણે આગેવાન સાથે વચન કરી લીધું અને તેમને પોતાનો હાથ અને દિલ આપી દીધું તો તે પોતાની શક્તિ પ્રમાણે તેની આજ્ઞાઓનું પાલન કરે, અને જો બીજી વ્યક્તિ આવી ઝગડો કરવાની કોશિશ કરે તો તે બીજા વ્યક્તિને મારી નાખે» આ હદીષને ઈમામ મુસ્લિમ રહ. રિવાયત કરી છે, એક વ્યક્તિએ નબી ﷺ ને સવાલ કર્યો કે હે અલ્લાહના પયગંબર ! જણાવો કે જો કોઈ એવો આગેવાન આવી જાય જેઓ અમારી પાસે તો પોતાના અધિકારો માંગે પરંતુ અમારા અધિકારો પૂરા ન કરે, તો આવી સ્થિતિમાં તમે અમને શું આદેશ આપો છો? આ સવાલ સાંભળી નબી ﷺ તે વ્યક્તિથી મોઢું ફેરવી લીધું, ફરી તેણે આજ સવાલ કર્યો તો નબી ﷺ એ કહ્યું: «તમે તેમની વાત સાંભળતા રહો અને

અનુસરણ કરતાં રહો, કારણકે તેઓ પર જે જવાબદારી છે તેનો જવાબ તેઓ આપશે, અને જે જવાબદારી તમારી છે તેનો જવાબ તમારે આપવાનો છે».

પ્રજા પર આગેવાનોના અધિકારો માંથી એક અધિકાર તે પણ છે કે પ્રજા મહત્વના કાર્યોમાં પોતાના આગેવાનોનો સાથ આપે, અથવા તેમના પર જે કામ કરવું જરૂરી હોય તેને પૂરું કરવા માટે આગેવાનોનો સંપૂર્ણ સાથ આપે, અને દરેક વ્યક્તિ સમાજ બાબતે પોતાની જવાબદારી અને પોતાની ભૂમિકા સારી રીતે ઓળખે, જેથી દરેક કાર્યો સારી રીતે પરિણામ સુધી પહોંચે, એટલા માટે કે પ્રજા જ્યાં સુધી પોતાના આગેવાનીની જવાબદારીમાં સાથ ન આપે ત્યાં સુધી કોઈ પણ કાર્ય સારી રીતે થઈ શકતું નથી.

*

# આઠમો હક: પાડોસીના હકો

પાડોસી: તે વ્યક્તિને કહે જેનું ઘર તમારા ઘરથી નજીક હોઇ, પાડોસીનો તમારા પર બહુ મોટો હક લાગુ કરવામાં આવ્યો છે, અને જો તે ખાનદાન પ્રમાણે પર તમારી નજીક હોય તો અને તે મુસલમાન હોય તો તેના ત્રણ અધિકારો લાગુ પડે છે, પાડોસીનો અધિકાર, સગા સંબંધીનો અધિકાર, અને મુસલમાન હોવાનો અધિકાર, જો તે મુસાલમન હોય પરંતુ તમારો સગા વહાલા માંથી ન હોઇ તો તેના બે અધિકારો છે, પાડોસીનો અધિકાર અને મુસલમાન હોવાનો અધિકાર, અને જો તે સગા સંબંધી માંથી છે, પરંતુ તે મુસલમાન નથી તો તેના પણ બે અધિકારો છે, પાડોસીનો અધિકાર, અને સગા સંબંધીનો અધિકાર, જો તે મુસલમાન પણ ન હોય અને સગો પણ ન હોઇ તો તેનો ફક્ત એક જ અધિકાર છે: પાડોસીનો અધિકાર. અલ્લાહ તઆલાએ કહ્યું:

وَبِٱلۡوَٰلِدَيۡنِ إِحۡسَٰنٗا وَبِذِي ٱلۡقُرۡبَىٰ وَٱلۡيَتَٰمَىٰ وَٱلۡمَسَٰكِينِ وَٱلۡجَارِ ذِي ٱلۡقُرۡبَىٰ وَٱلۡجَارِ ٱلۡجُنُبِ وَٱلصَّاحِبِ بِٱلۡجَنۢبِ وَٱبۡنِ ٱلسَّبِيلِ

{માતા-પિતા સાથે સારું વર્તન કરો તેમજ સગાંસંબંધીઓ, અનાથો, લાચારો, નજીકના પાડોશી, અજાણ પાડોશી, સહવાસીઓ, પોતાની સાથે સફર કરનાર તે સૌ સાથે સારો વ્યવહાર કરો} [અન્ નિસા: ૩૬]

સંપૂણ આયત, અને નબી ﷺ એ કહ્યું: «જિબ્રઇલ (અ.સ.) મને સતત પાડોસીના અધિકારો બાબતે ભાર આપતા રહ્યા અહીં સુધી કે મને લાગ્યું કે તેમને વારસામાં ભાગીદાર ન બનાવી દેવામાં આવે» (બુખારી મુસ્લિમ). એક પાડોશીનો બીજા પાડોશી પર એક હક આ પણ છે કે તે પોતાની શક્તિ પ્રમાણે પોતાના માલ, સામાજિક પ્રભુત્વ દ્વારા તેમજ કોઈ પણ રીતે તેને

ફાયદો પહોંચાડી તેની સાથે એહસાન (ઉપકાર) કરે, અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું: «અલ્લાહની નજીક સૌથી શ્રેષ્ઠ પાડોશી તે છે, જે પોતાના પાડોશી માટે સૌથી સારો હોય», અને કહ્યું: «જે વ્યક્તિ અલ્લાહ પર અને આખિરતના દિવસ પર ઈમાન ધરાવતો હોય તેણે પોતાના પાડોશી સાથે સારો વ્યવહાર કરવો જોઈએ», અને વધુ કહ્યું,: «કે જ્યારે શેરવો બનાવો તો તેમાં પાણીની માત્રા થોડીક વધારી દો અને પોતાના પાડોશીની ખબરગીરી કરી લો».

પાડોશી સાથે એહસાન કરવાની એક પદ્ધતિ એ પણ છે: તેમને અવારનવાર હદીયો આપતા રહેવું જોઈએ, એટલા માટે કે હદીયો આપવાથી મોહબ્બત વધે છે અને દિલો માંથી નફરત ખતમ થાય છે.

તેમના હકો માંથી એક એ પણ કે તેમને વાતો દ્વારા અથવા પોતાના વ્યવહાર દરેક રીતે તકલીફ આપવાથી બચવું જોઈએ, અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું: «અલ્લાહની કસમ તે મોમિન નથી, અલ્લાહની કસમ તે મોમિન નથી, અલ્લાહની કસમ તે મોમિન નથી», સહાબાઓએ કહ્યું: કોણ અલ્લાહના રસૂલ મોમિન નથી? આપે કહ્યું: «જેનો પાડોશી તેની તકલીફોથી સુરક્ષિત ન હોય», અને એક બીજી રિવાયતમાં છે: «તે વ્યક્તિ જન્નતમાં દાખલ નહીં થાય જેનો પાડોશી તેની તકલીફોથી સુરક્ષિત ન હોય», એટલા માટે જેનો પાડોશી તેની તકલીફોથી સુરક્ષિત ન હોય અથવા તેની બુરાઈથી સુરક્ષિત ન હોય એવો વ્યક્તિ મોમિન નથી અને તે જન્નતમાં પણ નહીં જાય. હાલ ઘણા લોકો પાડોશીના હકનો ખ્યાલ નથી કરતા, અને ન તો તેમના પાડોશી તેમની તકલીફોથી સુરક્ષિત રહે છે, તમે જોશો કે તેમની વચ્ચે હમેંશા લડાઈ ઝઘડો, વિવાદ, હક પૂરો ન કરવા, અને પોતાની વાતો તેમજ કર્યા વડે તેમને તકલીફો આપવી, જો કે આ બધી વસ્તુ અલ્લાહ અને તેના રસૂલના

આદેશોની વિરૂદ્ધ છે, અને મુસલમાનો વચ્ચે વિવાદ, દિલોમાં દ્વેષ, અને એકબીજાની ઇઝ્ઝતોને બદનામ કરવું ગણાશે.

*

# નવમો હક: એક મુસલમાનના બીજા મુસલમાનો પર હકો

એક મુસલમાનના બીજા મુસલમાન પર ઘણા હકો છે, તેમાંથી અમુક: નબી ﷺ ની નીચે વર્ણવેલ સહીહ હદીષમાં છે: «એક મુસલમાનના બીજા મુસલમાન પર છો હકો છે: જ્યારે તે મુલાકાત કરે તો સલામ કરવું, જ્યારે તે દાવત આપે તો તેની દાવત કબૂલ કરવી, જ્યારે તે નસીહત કરે તો તેની નસીહત સાંભળવી, જ્યારે તે છીંકે તો તેની છીંકનો જવાબ આપવો, જ્યારે તે બીમાર પડે તો તેની ખબરગીરી કરવી, જ્યારે તે મૃત્યુ પામે તો તેના જનાઝામાં શરીક થવું», આ હદીષમાં મુસલમાનોના એકબીજા પર લાગુ પડતાં ઘણા હકો વર્ણન કરવામાં આવ્યા છે: પહેલો હક: સલામ કરવું, સલામ કરવું સુન્નત છે, અને સલામ એકબીજા પ્રત્યે મોહબ્બત વધારવાનું કારણ છે, જેવું કે જોવામાં આવ્યું છે, અને તેના પર આપ ﷺ નું વર્ણન છે: «અલ્લાહની કસમ, તમે ત્યાં સુધી જન્નતમાં દાખલ નહીં થાઓ જ્યાં સુધી તમે મોમિન ન બનો, તમે ત્યાં સુધી મોમિન નથી બની શકતા જ્યાં સુધી તમે એકબીજા પ્રત્યે મોહબ્બત ન કરો, શું હું તમને એવી વસ્તુ ન જણાવું જેના કારણે એકબીજા પ્રત્યે મોહબ્બત વધશે? એકબીજાને સલામ કહેતા રહો».

આપ ﷺ ની સુન્નત હતી કે આપ જેને પણ મળતા તેને સલામ કરવામાં આગળ વધતા, જ્યારે આપ બાળકો પાસેથી પસાર થતા તો આપ તેમને પણ સલામ કહેતા હતા.

સુન્નત એ છે કે નાના મોટાને, ઓછા લોકો વધારે લોકોને, સવાર ચાલવાવાળાને, પરંતુ આ તરતિબ પ્રમાણે કોઈ હક ન આપે તો સામે

વાળાએ આગળ વધી સલામ કરવું જોઈએ, જેથી સુન્નત જતી ન રહે, જો નાના સલામ ન કરે તો મોટાએ સલામ કરવું જોઈએ, જો ઓછા લોકો સલામ ન કરે તો આગળ વધીને વધુ લોકોના જૂથે સલામ કરી લેવું જોઈએ, જેથી સવાબ મળીને રહે.

અમ્માર બિન યાસિર રઝી. કહે છે: «જેણે પોતાનામાં ત્રણ લક્ષણો ભેગા કરી લીધા તો તેણે પોતાનું ઈમાન પૂરું કરી લીધું, પોતાના નફસ સાથે ઇન્સાફ કરવો, આલિમને સલામ કરવું, તંગીમાં પણ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવું». સલામની શરૂઆત કરવી સુન્નત છે અને તેનો જવાબ આપવો ફર્ઝે કિફાયા (જરૂરી) છે, જો થોડાક લોકો જવાબ આપી દેશે તો તે જવાબ દરેક માટે પૂરતો છે,  જો એક જૂથને સલામ કરો અને તેમાંથી એક પણ વ્યક્તિએ જવાબ આપ્યો તો તે બાકી લોકો માટે પૂરતું થઈ જશે, અલ્લાહ તઆલાએ કહ્યું:

وَإِذَا حُيِّيتُم بِتَحِيَّةٖ فَحَيُّواْ بِأَحۡسَنَ مِنۡهَآ أَوۡ رُدُّوهَآ

{અને જ્યારે તમને સલામ કરવામાં આવે તો તમે તેના કરતા સારો જવાબ આપો, અથવા તે જ શબ્દોમાં કહી દો} [અન્ નિસા: ૮૬],

સલામના જવાબમાં ફક્ત અહલન્ સહલન્ કહેવું પૂરતું નથી, કારણકે આ શબ્દો સલામના જવાબ આપવામાં શ્રેષ્ઠ નથી, અને ન તો તેના જેવા છે, એટલા માટે જ્યારે કોઈ તમને સલામ કરે અને કહે: «અસ્સલામુ અલયકુમ» તો તેના જવાબમાં «વઅલયકુમસ્ સલામ» કહો. અને જ્યારે કોઈ તમને «અહલન્» કહે તો તમે પણ તેને «અહલન્» કહો, તેના જેવું જ, પરંતુ જો સલામનો વધારો કરી દો તો સારું રહેશે.

બીજો હક: જ્યારે તે દાવત આપે તો તેની દાવત કબૂલ કરો, અર્થાત્ જો તમને ખાવાની દાવત માટે અથવા અન્ય કોઈ કામ માટે તમને ઘરે દાવત

આપે તો તેની દાવત કબૂલ કરવી સુન્નતે મુઅકકદહ છે; કારણકે તેનાથી દાવત આપનારનો ઉત્સાહ વધે છે, અને મોહબ્બત તેમજ પ્યાર વધે છે.

હા, વલીમાની દાવત માટે કેટલીક શરતો સાથે દાવત જરૂરી રહેશે, કારણકે આ વિશે આપ ﷺ ની હદીષ છે: «જેણે વલીમાની દાવત કબૂલ ન કરી તેણે અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કર્યો». આપ ﷺ કહે છે: «જ્યારે તે તમને દાવત આપે તો તેમની દાવત કબૂલ કરો», કદાચ આ આદેશમાં તે પણ શામેલ છે, કદાચ તે તમને મદદ માટે બોલાવે, તમે તેના માટે પણ જવાબદાર છો, જ્યારે કોઈ મુસલમાન તમને કઈ વસ્તુ ઉઠાવવા માટે અથવા ઉતારવા માટે અથવા આ પ્રમાણેના કામ માટે બોલાવે તો તમારે તેની પોકાર પર જવાબ આપવો પડશે અને તેની મદદ કરવી પડશે; કારણકે આપ ﷺ નું કહેવું છે: «એક મોમિન બીજા મોમિન માટે એક ઇમારત માફક છે, જેનો એક ભાગ બીજા ભાગને મજબૂત બનાવે છે». ત્રીજો હક: «જ્યારે તે તમારી પાસે મશવરો માગે તો તેને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ», અર્થાત્ તે તમારી પાસે આવીને કંઈ બાબતમાં સલાહ સુચન કરવા ઈચ્છે તો તમે તેને સાચું માર્ગદર્શન આપો, કારણકે તે પણ દીન છે, જેવુ કે નબી ﷺ એ કહ્યું: «દીન ખેરખાહી (સદ્ભાવનાં) નું નામ છે, અલ્લાહ માટે, તેના રસૂલ માટે, તેની કિતાબ માટે અને કોમ અને સામાન્ય વ્યક્તિઓ માટે». પરંતુ જો તે તમારી પાસે આવીને મશવરો ન માંગે અને જે કામ તે કરવા જઈ રહ્યો છે, તેમાં તેનું નુકસાન છે, તો તમારા માટે જરૂરી છે કે તેને તે નુકસાનથી સચેત કરો, ભલેને તે તમારી પાસે ન આવ્યો હોય; કારણકે તેનો સબંધ મુસલમાનોથી નુકસાન દૂર કરવા અને બુરાઈથી રોકવા સાથે છે, અને જો તેના તે કામમાં નુકસાન અને ગુનાહની વાત ન હોય, પરંતુ તમારી દ્રષ્ટિ તેના કરતાં વધારે સારૂં કામ હોય તો ત્યારે તમારા માટે મશવરો આપવો જરૂરી નથી, પરંતુ જો

તે તમારી પાસે મશવરો માંગે તો તમારા પર જરૂરી છે કે તેને યોગ્ય મશવરો આપો.

ચોથો હક: «જ્યારે તેને છીંક આવે અને તે અલ્ હમ્દુ લિલ્લાહ કહે તો તેની પ્રશંસા કરતા જવાબમાં યરહમકુલ્લાહ કહેવું જોઈએ», અર્થાત્ અલ્લાહ તઆલા તમારા પર રહેમ કરે, પરંતુ જો તે અલ્ હમ્દુ લિલ્લાહ ન કહે તો તેને જવાબ પ્રાપ્ત કરવાનો કોઈ હક નથી કારણકે તેણે અલ્લાહના વખાણ ન કર્યા તો તેની છીંકનો જવાબ પણ આપવામાં ન આવે.

છીંકનાર અલ્ હમ્દુ લિલ્લાહ કહે તો તેના જવાબમાં યરહમુકલ્લાહ કહેવું ફરઝ છે, એવી જ રીતે છીંકનાર માટે જરૂરી છે કે તે યહદીકુમુલ્લાહુ વ યુસ્લિહુ બા લકુમ" કહે અર્થાત્ અલ્લાહ તમને હિદાયત આપે અને તમારી સ્થિતિ બહેતર કરે.

અને જો તમે જવાબમાં ત્રણ વખત યરહમુકલ્લાહ કહે તો ચોથી વારમાં તમારે આફાકલ્લાહ કહેવું અર્થાત્ અલ્લાહ તમને આફીયત આપે, યરહમુકલ્લાહના બદલામાં.

પાંચમો હક: જ્યારે તે બીમાર પડે તો તેની ખબરઅંતર માટે જવું જોઈએ, ઇયાદત એટલે તેની મુલાકાત માટે જવું, બીમારની ઇયાદત કરવી એક મુસલમાન માટે જરૂરી છે, અને તેના માટે સતત રહેવું જરૂરી છે, તમાર પર બીમાર, સગાસંબંધી અથવા દોસ્તી અથવા પાડોશી હોવા પર જેટલો વધારે હક હશે તેની ઇયાદત કરવી પણ એટલી જ જરૂરી બનશે,

ઇયાદત બીમારને અથવા તેની બીમારીને ધ્યાનમાં રાખીને કરવામાં આવે, ઘણી વખત સ્થિતિ પ્રમાણે તેની ઇયાદત વારંવાર કરવામાં આવે, અને ક્યારેક એવું પણ બની જશે કે ઓછામાં ઓછું તેની સાથે મુલાકાત કરવામાં આવે, કહેવાનો મતલબ એ કે બીમારનો ખ્યાલ રાખવામાં આવે.

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

સુન્નત એ છે કે ઇયાદત કરનાર બીમારની સ્થિતિ  વર્ણન કરે, તેના માટે દુઆ કરવી જોઈએ અને તેની સામે સરળતા તેમજ આશાની કિરણ બનીને વાત કરવી જોઈએ, આ વસ્તુ શિફા તેમજ તંદુરસ્ત થવાના મૂળ કારણો માંથી એક છે. એવી જ રીતે ઇયાદત માટે જે વ્યક્તિ જાય તેણે બીમાર વ્યક્તિને તૌબા વિશે એવી રીતે વાત કરવી જોઈએ કે બીમાર ભયભીત ન થઈ જાય, ઉદાહરણ તરીકે તમે એમ કહો કે આ બીમારી તેના માટે ભલાઈના સ્ત્રોત છે, અને ગુનાહોને દૂર કરે છે, કારણકે અલ્લાહ તઆલા બીમારીને ગુનાહોનો કફ્ફારો બનાવી દે છે, અને બુરાઈઓને ખતમ કરે છે, એટલા માટે તમારે આ બીમારીમાં વધુમાં વધુ ઝિકર, અઝકાર ઇસ્તિગ્ફાર  કરવો જોઈએ, અને વધુમાં વધુ સવાબ મેળવી લેવો જોઈએ. છઠ્ઠો હક: «જ્યારે તેનું મૃત્યુ થાય તો તેની દફનવિધિમાં જવું જોઈએ», જનાઝા સાથે ચાલવું મુસલમાનોના હકો માંથી છે અને તેમાં ઘણો સવાબ છે, આપ ﷺ થી સાબિત છે કે આપ ﷺ એ કહ્યું: «જે વ્યક્તિ જનાઝા સાથે ચાલે, અહીં સુધી કે નમાઝ પઢી લે તો તેના માટે એક કિરાત જેટલો સવાબ છે, અને જો તેની પાછળ જતા દફનવિધિમાં પણ શરીક થાઓ તો તેના માટે બે કિરાત જેટલો સવાબ છે», પૂછવામાં આવ્યું કે બે કિરાત એટલ? આપ ﷺ એ કહ્યું: «બે મોટા પર્વતો બરાબર». એક મુસલમાનના બીજા મુસલમાનના હકો માંથી એ પણ કે તેને તકલીફ આપવામાં ન આવે, એટલા માટે કે મુસલમાનને તકલીફ આપવી મોટો ગુનોહ છે, અલ્લાહ તઆલાએ કહ્યું:

وَٱلَّذِينَ يُؤۡذُونَ ٱلۡمُؤۡمِنِينَ وَٱلۡمُؤۡمِنَٰتِ بِغَيۡرِ مَا ٱكۡتَسَبُواْ فَقَدِ ٱحۡتَمَلُواْ بُهۡتَٰنٗا وَإِثۡمٗا مُّبِينٗا ٥٨

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

{અને જે લોકો ઈમાનવાળા પુરુષ અને સ્ત્રીઓને કોઇ કારણ વગર તકલીફ આપે તો તેઓ પોતાના પર ખુલ્લા આરોપ અને ગુનાહનો બોજ ઉઠાવી રહ્યા છે.} {અલ્ અહઝાબ: ૫૮].

જો કે જે વ્યક્તિ એક મુસલમાન ભાઈને તકલીફ આપે તો અલ્લાહ તઆલા આખિરત પહેલા જ દુનિયામાં તેનાથી બદલો લઈ લે છે. આપ ﷺ એ કહ્યું: «એકબીજા પ્રત્યે દ્વેષ ન રાખો, એકબીજા પ્રત્યે પીઠ ન ફેરવો, અને હે અલ્લાહના બંદાઓ ! ભાઈ ભાઈ બનીને રહો, એક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે, તેના તેના પર ઝુલ્મ ન કરે, ન તો તેને એકલો છોડી દે, અને ન તો તેને તુચ્છ સમજે, વ્યક્તિ ખરાબ હોવા માટે એટલું જ પૂરતું છે કે તે પોતાના ભાઈને તુચ્છ સમજે, એક મુસલમાન પર બીજા મુસલમાનની ઇઝ્ઝત, માલ અને જાન હરામ છે». એક મુસલમાન પર બીજા મુસલમાનના ઘણા હકો છે પરંતુ તે દરેક હકોનો ખુલાસો આપ ﷺ ની હદીષમાં વર્ણન છે, «એક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે». એક મુસલમાન જો આ હદીષ નો ખ્યાલ કરે તો પછી તે બીજા મુસલમાન માટે દરેક ભલાઈનો પ્રયત્ન કરશે અને તેને નુકસાન વાળી દરેક વસ્તુઓથી દુર રહેશે.

*

# દસમો હક: બિન મુસ્લિમ ભાઈઓના હકો

બિન મુસ્લિમ શબ્દ દરેક કાફિરો માટે છે, અને તેમના ચાર પ્રકાર છે, હરબી, મુસ્તઅમિન, મૂઆહિદ, ઝિમ્મી.

હરબી કાફિરના એક મુસલમાન માટે તેની ખબરગીરી અથવા મદદ કરવાનો કોઈ હક નથી.

મુસ્તઅમિન કાફિર નો એક મુસલમાન પર હક છે, કે તેમના માટે જે જગ્યા અને સમય નક્કી થઈ ગયો હોય, મુસલમાન તેમની સુરક્ષા કરે, કારણકે અલ્લાહ તઆલાએ કહ્યું:

وَإِنۡ أَحَدٞ مِّنَ ٱلۡمُشۡرِكِينَ ٱسۡتَجَارَكَ فَأَجِرۡهُ حَتَّىٰ يَسۡمَعَ كَلَٰمَ ٱللَّهِ ثُمَّ أَبۡلِغۡهُ مَأۡمَنَهُۥۚ

{જો મુશરિકો માંથી કોઇ તમારી પાસે શરણ માંગે તો, તમે તેઓને શરણ આપી દો, જેથી કરીને તે (શાંતિથી) અલ્લાહનો કલામ સાંભળી શકે, પછી તે વ્યક્તિને પોતાની શાંતિની જગ્યાએ પહોંચાડી દો} [તૌબા: ૬].

અને મુઆહીદનો હક એ છે કે જ્યાં સુધી તે લોકોએ કરેલા વચન પ્રમાણે આપણી સાથે વ્યવહાર કરતા રહે, અને આપણો વિરોધ ન કરે અને મુસલમાન વિરુદ્ધ કોઈ કાફિરની મદદ ન કરે અને ન તો આપણા દીન વિશે મહેણાંટોણા મારે, તો આપણો હક છે કે આપણે પણ તેમની સાથે કરેલા કરાર પ્રમાણે સારો વ્યવહાર કરીએ. કારણકે અલ્લાહ તઆલાએ કહ્યું:

إِلَّا ٱلَّذِينَ عَٰهَدتُّم مِّنَ ٱلۡمُشۡرِكِينَ ثُمَّ لَمۡ يَنقُصُوكُمۡ شَيۡـٔٗا وَلَمۡ يُظَٰهِرُواْ عَلَيۡكُمۡ أَحَدٗا فَأَتِمُّوٓاْ إِلَيۡهِمۡ عَهۡدَهُمۡ إِلَىٰ مُدَّتِهِمۡۚ إِنَّ ٱللَّهَ يُحِبُّ ٱلۡمُتَّقِينَ

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

{હા, જે મુશરિકો સાથે તમે કરાર કર્યો હોય અને તેઓએ તે કરાર નિભાવવામાં સહેજ પણ પાછા ન ફર્યા હોય તેમજ ન તો તેઓએ તમારા વિરુદ્ધ કોઈની મદદ કરી હોય, તો તેમની સાથે નક્કી કરેલ સમય સુધી તેમનો કરાર પૂરો કરો, કારણકે અલ્લાહ પરહેજગારોને પસંદ કરે છે.} [અત્ તૌબા: ૪],

وَإِن نَّكَثُوٓاْ أَيۡمَٰنَهُم مِّنۢ بَعۡدِ عَهۡدِهِمۡ وَطَعَنُواْ فِي دِينِكُمۡ فَقَٰتِلُوٓاْ أَئِمَّةَ ٱلۡكُفۡرِ إِنَّهُمۡ لَآ أَيۡمَٰنَ لَهُمۡ لَعَلَّهُمۡ يَنتَهُونَ ١٢

અને અલ્લાહ તઆલાએ કહ્યું: {જો આ લોકો કરાર અને સમાધાન કર્યા પછી પણ પોતાની કસમોને તોડી દે અને તમારા દીન વિશે મેણા-ટોણાં મારે તો તમે પણ તે કાફિરોના સરદારો સાથે લડાઇ કરો, તેમની કસમોનું કોઈ અસ્તિત્વ નથી} [અત્ તૌબા: ૧૨].

જ્યાં સુધી એક ઝિમ્મી બિન મુસ્લિમ કાફિરની વાત છે તો તેમના એક મુસલમાન પર અને એક મુસલમાન પર તેમના હકોનો ખ્યાલ કરવો જરૂરી છે, કારણકે તે લોકો ટેક્સ (કર) આપી મુસલમાન દેશમાં પોતાની જાન અને માલની સુરક્ષાની અપેક્ષા કરતા રહેતા હોય છે,

એટલા માટે મુસલમાન હાકિમ માટે જરૂરી છે કે તેમની જાન અને માલ, ઇઝ્ઝત વિશે ઇસ્લામી આદેશો લાગુ પાડે, અને તેઓ કોઈ શરીઅતે હરામ કરેલ બાબતમાં સપડાયેલા હોય તો તેમના પર હદનો નિર્ણય કરે, સાથે સાથે તેમની સુરક્ષા અને મદદ કરવી જોઈએ અને તેમને તકલીફ આપવાથી બચવું જોઈએ

બીજી બાજુ ઝિમ્મી બિન મુસ્લિમ પર જરૂરી છે કે તેઓ મુસલમાન પોશાક છોડીને પોતાનો એક ખાસ પોશાક પહેરે, અને કોઈ એવી વસ્તુ ન કરે, જેના વિશે ઇસ્લામમાં રોક લગાવવામાં આવી હોય અથવા ગુનોહ ગણ્યો હોય,

## શરીઅતે નક્કી કરેલ પ્રાકૃતિક હકો

એવી જ રીતે તેઓ પોતાના ધાર્મિક પોગ્રામ પણ જાહેર ન કરે જેવા કે સૂર, અથવા સલીબ વગેરે... આ વિશે આલિમોની કિતાબોમાં દરેક વાત વિસ્તારપૂવક વર્ણન કરવામાં આવી છે, અહીંયા આપણે વિસ્તારમાં નહીં જઈએ.

દરેક પ્રકારના વખાણ સમગ્ર સૃષ્ટિના પાલનહાર માટે જ છે, અલ્લાહની રહેમત અને કૃપા તેમજ દરુદ ઉતરે આપણા નબી મુહમ્મદ ﷺ પર, તેમના સંતાન પર, અને તેમના દરેક સહાબાઓ પર.

અલ્લાહનો એક લાચાર બંદો

મુહમ્મદ બિન સોલૈહ અલ્ ઉષૈમીન

*

## અનુક્રમણિકા

પ્રસ્તાવના ........ 1

પહેલો હક: અલ્લાહ તઆલાના હકો ........ 3

બીજો હક: નબી ﷺ ના હકો: ........ 9

ત્રીજો હક: માતાપિતાના હકો ........ 13

ચોથો હક: બાળકોના હક ........ 17

પાંચમો હક: સગા સબંધીઓના હક ........ 22

છઠ્ઠો હક: પતિ પત્નીના હકો ........ 26

સાતમો હક: આગેવાનો અને પ્રજાના અધિકારો ........ 32

આઠમો હક: પાડોસીના હકો ........ 36

નવમો હક: એક મુસલમાનના બીજા મુસલમાનો પર હકો ........ 39

દસમો હક: બિન મુસ્લિમ ભાઈઓના હકો ........ 45